Sabel Shivjee Kanjee Karachi

અઝાદારી

અથવા

મી. ઉનાવાળાને દંદાંશીકન જવાબ.

લખનાર.

મી० હુસેન મેઘજી

કીગાલી (રૂવાન્ઢા).

છપાવી પ્રગટ કરનાર,

એદલજી ધનજી કાબા.

અમરેલી—કાઠિયાવાડ.

મેહફીલે મોહીબ્બાને હુસેન

ઇન્દોર તરફથી વકફ.

ધી ઓઆ પ્રિન્ટીંગ પ્રેસમાં ઓઆ

પ્રાગજી ભીમજીએ છાપ્યું—રાજકોટ.

Jabel Shivjee Kanjee
Karach

અ ઝા દા રી

અથવા

મી. ઉનાવાળાને દંદાંશીકન જવાબ.

લખનાર.
મી૦ હુસેન મેઘજી
કીગાલી (રૂવાન્ડા).

છપાવી પ્રગટ કરનાર,
એદલજી ધનજી કાબા.
અમરેલી—કાઠિયાવાડ.

મેહફીલે મોહીબ્બાને હુસેન
ઇન્દોર તરફથી વકફ.

ધી ઓઆ પ્રિન્ટીંગ પ્રેસમાં ઓઆ
પ્રાગજી ભીમજીએ છાપ્યું—રાજકોટ.

મહફીલે મોહીબ્બાને હુસેન ઇન્દોર તરફથી
વકફ.

અઝાદારી

અથવા

મી. ઉનાવાળાને દંદાંશીકન જવાબ.

લખનાર:—હુસેન મેઘજી
કીગાલી (રવાન્ડા)

છપાવી પ્રગટ કરનાર
એદલજી ધનજી કાબા.
અમરેલી–કાઠીયાવાડ

ઇ. સ. ૧૯૨૦ બીજી આવૃતિ

ધી ઓઝા પ્રિન્ટિંગ પ્રેસમાં ઓઝા પ્રાગજી ભીમજીએ
છાપ્યું—રાજકોટ.

વકફ કરનારાઓના મુબારક નામો.

મી. હુસેન મેઘજી કીગાલી વાળાએ
પોતાના મરહુમોની રૂહના સવાબ માટે
પહેલી આવૃતિ નકલ ૫૦૦

ઇન્દોર જીલ્લે માળવાની મેહફીલે
મોહીબ્બાને હુસેનના મેમ્બરો
તરફથી બીજી આવૃતિ
નકલ ૫૦૦

અર્પણ પત્રિકા.

નેકનામ મી૦ એદલજી ધનજી કાબા

અમરેલી—કાઠીયાવાડ.

આપ ખોજા ધર્મ તથા ખોજા કોમની ઉન્નતી માટે તન મન અને ધનથી અહોનિશ પ્રયાસ કરો છો અને હજુ પણ તેમાં અસાધારણ ઉમેરો કરતાજ રહો છો. અને ખોજા ઇસ-માઇલી ધર્મ સિદ્ધાંતો તેમજ ધાર્મિક ક્રીયાઓને પહેલ વહેલે જાહેરમાં લાવવાનો સાહસ કરી ખોજા કોમનો અસલ ધર્મ કયો એ પ્રશ્નને હાથ ધરી "ખોજા કોમની તવારીખ" અને "ખોજા પંથ દર્પણ" વી૦ વી૦ ઉપયોગી પુસ્તકો પ્રગટ કરી, ખોજાનો અસલ ધર્મ ઇસનાઅશરી સીદ્ધ કરી આપ્યો છે.

એટલુંજ નહીં, પરંતુ આપણી દીની તથા દુનિયવી બાબતમાં પછાત પડેલી ખોજા કોમને દીનદારી તરફ દોરવવાના તેમજ તેને લગતાં અનેક કાર્યો માટે જાહેર માન પાનની કાંઇપણ અપેક્ષા રાખ્યા વિના "નુરે હિદાયત" દ્વારા આપને પ્રયાસ કરતા જોઇ, આપના તેવા શુભ પ્રયાસની યાદમાં, આ ન્હાનકડું પેમ્ફલેટ માન સહ અર્પણ કરૂં છું તે સ્વીકારી આભારી કરશો.

અદના સેવક,
હુસેન મેઘજી.

1920 -Azadari (64)

પ્રસ્તાવના.

આએ ન્હાનકડો રીસાલો સુજ્ઞ વાંચકોની સેવામાં રજુ કરતાં પહેલાં પ્રસ્તાવના રૂપી બે બોલ વાંચકોની સેવામાં નીવેદન કરવા મારી જીજ્ઞાસાને હું રોકી શકતો નથી.

હાલ ટુંક સમયમાં ખોજા શીઆ ઇસમાઇલી આગાખાની બંધુઓમાંથી કેટલાક ખોજા શીઆ ઇસમાઇલી ધર્મનું રહસ્ય સમજાવવા બહાર પડી ચુકયા છે. અને પોતાનું કાર્ય દીન પ્રતિદીન વધારતા જાય છે; એટલુંજ નહીં, પરંતુ તેઓમાં "ઇસમાઇલી સાહિત્ય ઉતેજક મંડળ" ના નામથી એક સંસ્થા પણ ઉભી થવા પામી છે અને તેના તરફથી પોતાની કોમના લેખકોને સંપુર્ણ રીતે ઉતેજન અપાતું રહે છે; જે અલબતા વખાણને પાત્ર છે.

કોઇપણ માણસ પોતાના મઝહબની હિમાયત માટે કોઇ પુસ્તક લખે, એ સ્તુતિ પાત્ર કાર્ય છે; પણ તે ત્યારેજ કે જ્યારે પોતે જે પંથની હિમાયત કરવા માગે છે તે પંથની સત્ય દલીલો તેમાં દાખલ કરે અને પોતાના ધાર્મિક અકાયદોને કશી પણ ભુલામણી કે છુપામણી રહિત રજુ કરે.

પરંતુ અહીં તો તેથી ઉલટુંજ જોવામાં આવે છે કેટલાક

આગાખાની લેખકો ઘરના દીવાથી પોતાનુંજ ઘર સળગાવવાની વેતરણો કરી રહ્યા છે જે જોઇ અનહદ અફસોસી થાય છે. ખરે-ખર જો કોમને ઉંટની લીંદની માફક છીન્ન ભીન્ન કરી પાયમાલીના છેલા તબકા સુધી પહોંચાડી દેવાવાળા કોઇ હોય તો તે અમારા હામજી ભામજી પોતાને લેખકોમાં ખપાવવાની કોશીશ કરનારા કેટલાક આગાખાની ભાઇઓજ છે. કોમની વર્તમાન સ્થિતિ દુશમનને પણ રડાવે તેવી થઇ રહી છે. આવા હિંગામ-માં દુર્ભાગ્ય વસાત કેટલાક લેભાગુ લેખકો ઉમેરો કરી રહ્યા છે તેમાંના એક મી० નુરમામદ બાબુલ ઉનાવાળા છે.

મી० ઉનાવાળાએ "મુશકેલાત" નામક પેમ્ફલેટ પ્રગટ કરી તે પબલીકમાં વહેંચ્યાં છે. જે પબલીકની મતા તરીકે આ લેખકનું ધ્યાન તે પ્રત્યે ખેંચાયું અને તે ઉપર પેમ્ફલેટની તપાસ અને તે ઉપરથી મને જે મારા અલ્પ વિચારો સ્ફુરી આવ્યા તે પબલીકની સમક્ષ રજુ કરેલ છે મી. ઉનાવાળા તરફથી મજકુર પેમ્ફલેટમાં હ. ઇમામ હુસેન અ० ની અઝાદારી પ્રત્યે કેટલીક પાયા વીનાની શંકાઓ પબલીક પાસે પેશ કરવામાં આવી છે અને તેથી મી० ઉનાવાળા એમ પબલીકને છેતરવા માગે છે કે "ઇમામ હુસેન અ० ની અઝાદારી તે ખીલાફે હુકમે ખુદા વ રસુલ છે" તો અમો આ રીસાલામાં મી० ઉનાવાળાના ઢોલની પોલ ખોલી બતાવી છે. અને તવારીખો, કુરઆને શરીફ, આયાતો અહાદીસોથી અઝાદારી કરવી તે આખી આલમ માટે


બેદારી, બલકે હક રસ્તાની હિદાયત છે તે સાબીત કરી આપી છે તે આ રીસાલો વાંચ્યા પછી વાંચકોના ધ્યાનમાં આવી જશે.

આ રીસાલો વાંચ્યા પછી આગાખાની લેખકો ઇમામ હુસેન અ૦ ની અઝાદારી વિરૂદ્ધ લખાણો કરવા મુકી દેશે, તો હું મારા શ્રમની સાર્થકતા થઈ સમજીશ.

ઇનસાન માત્ર ભુલને પાત્ર છે એ સીદ્ધાંતાનુસાર કયાં પણ વાકય રચના અથવા ભાષા દોષ કે ભુલ ભાલ જણાએ તો, સુજ્ઞ જનોને કૃપા દ્રષ્ટીથી જોવાની નમ્ર વિનંતી છે.

આ તકે મારા મિત્રોએ મને મારા આ પ્રયાસમાં જે કીંમતી સહાયતા આપી છે તેમનો અંતઃકરણ પુર્વક ઉપકાર માની પ્રસ્તાવના રૂપી બે બોલ પુર્ણ કરૂં છું.

અદના સેવક,
હુસેન મેઘજી.



બીજી આવૃતિ.

આગાખાની ખોજા જમાતના કેટલાક સ્વાર્થી આગેવાનો તથા લેખકો ખોજા કોમમાં થતી હજરત ઇમામ હુસેન અ૦ ની અઝાદારીને ઘણા વર્ષ થયા નાબુદ કરવાની કોશીશો કરી રહ્યા છે. પરિણામે લગભગ સઘળા આમીના જમાતખાનાઓમાં હજરત ઇમામ હુસેન અ૦ ના કીસતા વંચાતા બંધ થયા છે. કીસ્સા તથા મજલીસે ઇમામ હુસેન અ૦ ની હીમાયત કરનારા મેમ્બરોને જ્ઞાતિ બહાર વીગેરેની ધમકીઓથી દબાવી નાંખ્યા છે. ઉપરાંત તેઓએ હવે તો ખોજા અસ્નાઅશરીઓમાં થતી હઝરત ઈમામ હુસેન અ૦ ની અઝાદારી અટકાવવાને હાથપગ બહાર કાઢવા માંડયા છે, જેમકે મુંબઇની ઇસ્માઇલીઆ સાહિત્ય ઉત્તેજક મંડળના મેમ્બર મી૦ નુરમાહમદ બાબુલ ઉનાવાળા તો ભૂમિકામાં જે સબળ કારણો હઝરત ઇમામ હુસેન અ૦ ની અઝાદારી ટકાવી રાખવાના જણાવ્યાં છે તે પ્રમાણે ઇસલામના હીમાયતી વર્ગે કોશીશ કરવાની છે. આવી કોશીશ કરવામાં આ અઝાદારી નામક રીસાલાના લેખક મી૦ હુસેન મેઘજીએ તેની પહેલી આવૃતિ ૫૦૦ નકલથી છપાવી વકફ કરેલી છે. તેનો બીજી આવૃતિ ૫૦૦ નકલોથી ઇન્દોરની

મેહફીલે મોહીબ્બાને હુસેનના મેમ્બરો તરફથી છપાવી વકફ કરવામાં આવે છે. ઉક્ત વકફ કરનારાઓનો પ્રયાસ ઘણોજ પવિત્ર તથા કોમને જીવતી રાખવાનો હોતાં, તેઓ દીન તથા દુનિયાના ખરા સવાબના હકદાર બન્યા છે, તેથી અમો તે બેરાદરોને કોમના સમજુ વર્ગ તરફથી અભિનંદન આપીએ છીએ અને કોમના સમજુ શ્રીમંતોને આ કીતાબની ત્રીજી આવૃતિ છપાવી વકફ કરવાને ભાર આપીને વિનંતી કરીએ છીએ.

કાબા.

ભૂમિકા.

ચો કુફ્ર અઝ કાબા બરખીઝદ કુજા માનદ મુસલમાની
ચો ઝુલ્મ અઝ થાના બરખીઝદ કુજા માનદ નીગેહબાની

અર્થ—જો ઇબાદતખાનામાંજ કુફ્ર થવા માંડે તો પછી મુસલમાની કયાં રહી? અને જો પોલીસના થાણામાંજ જુલમ થવા માંડે તો પછી સલામતી કયાં રહી?

એ બાબતની કોઈએ સ્વપ્ને પણ આશા નહિ રાખી હોય કે, ખોજા કોમ કે જે તેની ઉતપતીના સમયથીજ, હજરત ઇમામ હુસેન અલેહિસ સલામના મુબારક નામ ઉપર પોતાના પ્રાણુને ફીદા કરતી આવી છે તેમાં એવા પણ લોકો ઉતપંન થશે કે, જે તેના મુબારક નામની લોકોના દીલોમાં ઘર કરી બેઠેલી યાદગીરીને જડમુળથી ઉખેડી નાંખવાને પ્રયાસ કરશે! જયારથી મરહુમ આગા હસનઅલીશાહના મુબારક કદમ હીંદુસ્તાનની સરજમીન ઉપર બીરાજમાન થયા, ત્યારથી તો, ખોજા કોમમાં હઝરત ઇમામ હુસેન અલેહિસ સલામના મુબારક નામ ઉપરની ફીદાગીરિ, એક દ્રષ્ટાન્ત રૂપે થઇ પડી છે. ખુદ નામદાર આગાખાન સાહેબો પોતાના સઘળા કુટુંબીઓ તથા મુરીદો સહિત, દર વરસે મોહરમની અઝાદારીમાં સામેલ થતા આવ્યા છે અને તે

અઝાદારી માટે તેઓ કાયમ દર વરસે લાખો રૂપીયા ખર્ચ કરતા પણ રહ્યા છે, આ બાબત એટલી બધી જગ જાહેર છે કે તેના માટે કાંઇ પણ શાહદત આપવાની જરૂર રહેતી નથી ખુદ નામદાર આગાખાનો તથા તેમના ચુસ્ત મુરીદોએ કેટોંમાં પ્રતિજ્ઞા ઉપરની જુબાનીઓ આપી, પોતાની હઝરત ઇમામ હુસેન અલે-હિસ્સલામ પ્રત્યેની ફીદાગીરિ તથા તે માટે કરવામાં આવતી અઝાદારીની, ડંકાની ચોટે ખાત્રી કરી આપી છે; એટલુંજ નહિ પણ તે નામદારની ઇચ્છા તથા અનુકરણથી ખોજા જમાતખાના-ઓમાં હઝરત ઇમામ હુસેન અલેહિસ્સલામની અઝાદારીના કીસ્સાઓ હજારો લાખો રૂપીયાના ખરચે કચ્છી ભાષા તથા સીંધી હરફોમાં લખાઇને રાખવામાં આવ્યા. તથા તે દર વરસે મોટી અઝાદારી સાથે વંચાતા થયા, અને જેની સાબીતીઓ હજુ પણ ઘણાખરા જમાતખાનાઓમાં મોજુદ છે.

પરંતુ એ એક અસાધારણ બનાવ ખોજા કોમને જોવો પડે છે કે, ઉપર જણાવેલા ખોજાઓની ઓલાદમાંથી અને ઉપર જણાવેલા આગાખાનનાં મુરીદોમાંથી, કોઇ કોઇ એવા એવા સેવકો ઉતપંન થઇ જવા પામ્યા છે કે, જે હઝરત ઇમામ હુસેન અલેહિસ્સલામની અઝાદારીને જડમુળથી ઉખેડી નાખવાને ડંકાની ચોટે મેદાનમાં નીકળી પડયા છે અને એ ઇમામ હુસેન અ૦ ની અઝાદારી, કે જેના પ્રતાપે ખોજા કોમને ખરા ઇસલામનું જ્ઞાન પ્રાપ્ત થયું છે અને જેને લઇ તે પોતાના મઝહબી અર્ધદગ્ધ પણાના આરોપથી મુકત થતીચાલીછે તેને પેમ્ફલેટોના શસ્ત્રો વતી

ઘાયલ કરવાને નીકળી પડયા છે. આ પણ એક જમાનાની બલિહારીજ નહિ તો, બીજું શું કહેવાય?

હઝરત ઇમામ હુસેન અલૈહિસ સલામની અઝાદારી કે, જે એવી તો આલમગીર ફેલાય છે કે, જેવા આલમગીર ફેલાવા વિશેનો બીજો કોઇપણ દાખલો સૃષ્ટિની સપાટી ઉપર મળવો એ ગુંબજ ઉપર અખરોટ ફેંકયા બરાબર છે. જગતના ચાલીસ કરોડ ઇસલામીઓ લગભગ ઘણા મળતાપણા સાથે, તેમજ હીન્દુસ્તાનના કરોડો હીન્દુઓ વીગેરે પણ તે ગરીબ મઝલુમની અઝાદારી પોતાના પ્રાણો પાથરીને કરે છે અને તે એટલે સુધી કે મોટા મોટા મહારાજાઓ પણ, મોહરમ માસમાં તે હુસેનએ જોરે જફા (હજરત ઇમામ હુસેન અ૦) ની અઝાદારીમાં ખુલ્લે પગે અને ખુલ્લે માથે રોતા તથા ગમ કરતા જોવામાં આવે છે. જયારે એ ઘણોજ ગમગીની ભર્યો દેખાવ છે કે અમારીજ કોમના લોકો તેની અઝાદારીને મલ્યામીટ કરવાને અસાધારણ પ્રયાસ કરવા લાગ્યા છે. અને તે બનાવ એવો તો શરમ ઉપજાવનારો છે કે, જેને લઇ સમગ્ર કોમને નીચું જોવું પડે છે, પરંતુ અમો ભુલતા ન હોઇએ તો, બીજા કોમમાં હઝરત ઇમામ હુસેન અ૦ ના મહોબત તથા અઝાદારીનો અસર એટલો બધો ફેલાઈ તથા અસર કરી ગયો છે કે, જેને ઉખેડી નાખવા માગનારા, તેમાં વધુ ફાવી શકયા નથી તેમ ફાવી શકનાર પણ નથી; પરંતુ કોમના સમજુ વર્ગે કીસમતને ભરૂસે નહિ બેશી રહેતાં, તેવા ખારજી આન્દોલનનો અટકાવ કરવાની જરૂર છે.

અક્ષખતા. અમો એટલું તો જરૂર કહીશું કે, ખોજા કોમ માંના કેટલાક આસામીઓ છુપી રીતે હજરત ઇમામ હુસેન અ૦ ની અઝાદારી નાબુદ કરવાને પ્રયાસ કરી રહ્યા હતા, અને હજુ કરવામાં છે, પરંતુ કોઇએ તે કામ જાહેર પેમ્ફલેટ છપાવી કરવાનું હાથ ધર્યું નહિં હતું: પરંતુ આ કામની પહેલ કરવાને ફાળો મી૦ ઉનાવાળાને ફાળે આવ્યો છે અને તેઓ ઇમામ હુસેન અ૦ ની અઝાદારી અટકાવવાના કાર્યમાં પહેલ કર્યાનું માન ખાટી ગયા છે; પરંતુ કોમના સમજુ બીરાદરો, ખોજા કોમની દીની તથા દુનિયવી ઉન્નતી માટે, તેમના આવા પ્રયાસને ઘણીજ નફરતની દ્રષ્ટિથી જોયાં વિના રહેશે નહીં કેમકે તેઓ હઝરત ઇમામ હુસેન અ૦ ની અઝાદારીના પ્રતાપે કોમને દીની તથા દુનિયવી લાભો મળેલા પ્રત્યક્ષ જોઇ શકયા છે અને હજુ પણ તેજ પ્રયાસથી કોમને દીની તથા દુનિયવી અનેક લાભો મળવાની વકી રાખી બેઠા છે કે, જેમાં તેઓ તદન વ્યાજબી ઉપર છે અને અમોને ખાત્રી છે કે, મી૦ ઉનાવાળાના આ નિર્દય પ્રયાસને સઘળાઓ નફરતની નજરથી જોવા ઉપરાંત તે પ્રયાસને ન્યાય ભરી દલીલથી નિર્મૂળ બનાવી દેવાને પ્રયત્ન કરવા ચુકશે નહિ અત્રે અમો કોમના ઉમંગી લેખકોને મી૦ મુસા જાફર મુમન તથા મી૦ હુસેન મઘજીની જેમ પવિત્ર પ્રયાસની વિનંતી કરતાં, આટલીજ ટુંક ભુમિકા ઉપર તેને સમાપ્ત કરીએ છીએ. લી૦

એદલજી ધનજી કાબા.

અઝાદારી

અથવા

મી. ઉનાવાળાને દંદાંશીકન જવાબ.

શાહસ્ત હુસૈન વ બાદશાહ હસ્ત હુસૈન
દીંહસ્ત હુસૈન દીં પનાહ હસ્ત હુસૈન
સર દાદ નદાદ દસ્ત દર દસ્તે યજીદ
હક્કાકે બીનાએ લાએલાહ હસ્ત હુસૈન.

હજરત ઇમામ હુસેન અ૦ તમામ દુન્યાના બાદશાહ છે એટલુંજ નહી; પણ પોતે દીન ઇસલામ છે અને પોતેજ દીન ઇસલામની હીફાઝત કરવાવાળા અને રક્ષક છે. આપે દીનને મજબુત અને જારી રાખવા માટે માથું આપ્યું; પણ યઝીદ પલીદના હાથમાં હાથ આપ્યો નહીં.

જનાબે ઇમામે હુસેન અ૦ ની અઝાદારી અને માતમદારી તેઓના મોહીબ્બો ખરા અંતઃકરણથી બજાવી લાવે છે અને દીન બદીન અઝાદારી વધતી અને વધતીજ જાય છે, અને એ અઝાદારીના નુરની રોશની દુન્યામાં ચારે તરફ વધતી અને ફે-

લાતી જાય છે, પરંતુ બહુજ અફસોસ કરવાની એ બાબત છે કે તે સાથે એહલે બેએતના દુશમનો એ રોશનીને બુજાવવા માટે પોતાથી બની શકે તેટલી હજારો જાતની મહેનત અને કોશીશ કરે છે.

કરબલાના મેદાનમાં જેઓને શહીદ અને કતલ કરવામાં આવ્યા તેઓ મુશલમાન હતા અને જેઓ એ શહીદ અને કતલ કર્યા તેઓ પણ પોતાને મુશલમાન કહેતા હતા. તો જયારે એવા ચુસ્ત અને પાક મુસલમાનોને દુન્યામાંથી નાબુદ કરવાને માટે જે નામના મુસલમાને પોતાની અતિ નિર્દયતા ભરી ઝોહાકી સાથે પાછા હઠયા નહીં. તેઓની ઓલાદે પણ જયારે એ કતલ અને શહીદ થએલાઓની યાદગીરી અઝાદારી વચ્ચે કાયમ કરે છે ત્યારે એ જાહોજલાલીને નાબુદ અને જડમુળથી ઉખેડી નાખવાનો પ્રયાસ એ બુઝરગવારોને માનનારાઓનો દાવો કરનારાઓ કરે એ શું ગજબની વાત ન કહેવાય?

પરંતુ જે પ્રમાણે એ કતલ કરનારા ફાવી ગયા તેમ તેમના ઉભા થએલા ચેલાઓ તે પાક શહીદોની યાદ (અઝાદારી) મટાડવા કદી ફાવે તેમ નથી; બલકે જેમ તેઓ મઝલુમની અઝાદારીને નાબુદ કરવા ચાહે છે અને હદથી વધારે પ્રયાસો કરે છે તેમ તેમ અઝાદારી છુપવાને બદલે વધારેને વધારે મશહુર થતી જાય છે. તેમાં ખસુસ ખોજા કોમ તેની ઉતપતીના સમયથીજ પોતાનીજાનને હઝરત ઇમામ હુસેન અ૦ ના મુબારક નામ ઉ-

ગ્રીદા કરતી આવી છે અને દર વરસે મોહરમમાં અઝાદારી કરતી આવી છે એટલુંજ નહીં પરંતુ જગતના સઘળા ઇસલામીઓ લગભગ ઘણા મળતાપણા સાથે તેમજ હીન્દુ વીગેરે પણ તે ગરીબ મઝલુમની અઝાદારી પોતાના પ્રાણો વાપરીને કરે છે અને એ બાબત એટલી બધી મશહુર છે કે તેના માટે કાઇપણ શહાદત આપવાની જરૂર રહેતી નથી.

હઝરત ઇમામ હુસેન અ૦ ની અઝાદારીનો વિષય એ જુનો હોઇને ઘણા વખત પબ્લીકમાં ચર્ચાઇ ગયો છે. જેમકે દસ વરસ પુર્વે કેટલાક પેપરો "કરઝન ગેઝેટ" ' વકીલ" ' અને નજમ" "અહેલે હદીસ" "બદરે કાદીયાન" વી. વી. પેપરોમાં ચર્ચાઇ ગયો છે. અને અઝાદારીના હીમાયતીઓએ અને ઇસનાઅશરી લેખકોએ અઝાદારીની રાહ રસમો વખતો વખત સાબીત પણ કરી આપી છે. જેના પુરાવાઓ ઉરદુ, અરબી ફારસી વી૦ કીતાબોમાં સેંકડો મવજુદ છે, એટલુંજ નહીં પરંતુ ગુજરાતી ભાષા પણ એવા સાહિત્યથી ખાલી નથી.

પરંતુ મી૦ ઉનાવાળા પોતાની આંધળી ચક્ષુઓથી તે જોઇ નહીં શકવાથી કીંવા ભોળા લોકોને પોતાના દાવમા ફસાવવાના હેતુથી "મુશકેલાત" નામક પેમ્ફલેટમાં ઈમામ હુસેન અ૦ની અઝાદારી પ્રત્યે પાયા વિનાની શંકાઓ પોતાની બુરી દાનતથી પબ્લીક પાસે પેશ કરી છે. અને તેનો આધાર બે ત્રણ કીતાબોના ઉપરે અવલંબી રહેલો છે.

હ૦ ઇમામ હુસેન અ૦ ની અઝદારી પ્રત્યે શંકાઓ પ્રગટ કરવાના આવેશમાં મી૦ ઉનાવાળાએ પોતાના મતને પુષ્ટી આ-પવા સારૂ અને પબ્લીકને ભુલથાપ ખવરાવવા માટે કીતાબ નામે ' ઇસલાહર રેસુમ ' માંથી થોડાક ઉતારા ટાંકી બતાવ્યા છે પરંતુ મજકુર કીતાબમાં હદીસોનો છેવટનો ખુલાસો કર્તાએ આપ્યો છે; કે જેના ઉપરે આધાર બાંધી શકાય છે, તેવા ઉતારા છુપાવીને પોતાનો હેતુ પાર પાડવા માટે પબ્લીક પાસે પાયા વીનાની શંકાઓ રજુ કરીને હ૦ ઇમામ હુસેન અ૦ ની અઝાદા-રીને જડમુળથી ઉખેડી નાખવાનો નિર્દય પ્રયાસ કરતા મેદાનમાં નીકળી પડયા છે.

પરંતુ ખોજા કોમમાં હઝરત ઇમામ હુસેન અ૦ ની અઝા-દારીનો અસર એટલો બધો ફેલાઇને અસર કરી ગયો છે કે જેને ઉખેડી નાખવા માંગનારા ખારજીઓ તેમાં વધુ ફાવી શકયા નથી તેમ ફાવી શકેવાના નથી.

દુન્યામાં થઇ ગયેલા મોટા મોટા અવલીઆઓ તેમજ બાદ-શાહો તેમજ પહેલવાનો, શુરવીરો, આદીલો, આલીમો, સખીઓ મોટા મોટા હુન્નરવાળાઓ, નવી નવી શોધ કરનારાઓ વી૦ ની યાદ, જે ઇતીહાસોમાં લખાઇ ગઇ, તે તવારીખો વાંચનારાજ જાણી શકે છે અને તેપણ જે જે ભાષામાં છપાણી અને જે જે દેશમાં પહોંચી ત્યાંવાળા તવારીખના વાંચનના શોખીનોજ જાણી શકે છે બાકી જુજ ભાગ કે જેઓને કાને ઉડતી વાતો આવી હોય તે

જાણે છે અને દરવરસે જુજ બુઝરગોની થોડી યાદગીરી સીવાય કોઇ જાહેરમાં આવતી નથી અને તે વીષે કોઇ જાતની યાદગીરી પાળવામાં આવતી નથી.

પરંતુ હઝરત ઇમામ હુસેન અ૦ ની શહાદત એવી છે કે તેની દરવરસે યાદગીરી પાળવામાં આવે છે રીને તે પણ જુદી જુદી કોમમાં જુદા જુદા તરીકાથી દુન્યામાં ઘણે ભાગે તમામ ભાગમાં એવી રીતે પાળવામાં આવે છે કે, દુન્યાનેં મોટો ભાગ દર વરસે એ બનાવને યાદ કરે છે અને તેઓની નજર સામે તરી આવે છે અને જનાબ હક ઉપર હોવા વિષે અને સરવે જણને ખાત્રી છે અને ખાત્રી થતી જાય છે. હઝરત ઇમામ હુસેન અ૦ મે એવી મોટી ભારે મુસીબત ઉપાડી તેથી દુન્યામાં તમામ ઇન્સાનો ઉપર ખુદા તરફથી ઇસલામની દાઅવત અને હીદાયત અને હુજજત તમામ થાય છે; કેમકે જયારે ઇન્સાનના કાન ઉપર એ મઝલુમની મઝલુમી અને એવા ગમખ્વાર બનાવન અવાઝ આવે ત્યારે કુદરતી રીતે ઇનસાનનું દીલ એ બાબતની તફસીલ જાણવાને આતુર થાય છે અને થયા વીના રહે નહી, અને જયારે તફસીલ અને ખુલાસો જાણવામાં આવે ત્યારે એમ પણ વીચાર થાએ કે એ જનાબ કોણ હતા, અને તેઓના વાલીદ અને નાનાએ ઇસલામી ધર્મ ફેલાવ્યો. એ કોઇ દુન્યાના માલ અને માન માટે કે શામાટે? તો જયારે સઘળી તવારીખો તરફ ઇનસા-ફની ઉંડી નજર દોડાવે તો સુર્યથી પણ બધારે જાહેર થઇ આવે

કે; જે બુઝરગવારોએ પોતાની તમામ જીંદગીમાં દુન્યાનું કાંઇપણ સુખ ભોગવ્યું નથી અને કાંઇ માન મરતબો ચાહતા નહતા. દુન્યાનું નાણું હાથમાં આવતું છતાં મુસ્તેહક ગરીબોને આપી દેતા હતા, વી. વી. બાબતોથી કામીલ યકીન થાય છે કે, તેઓએ ખુદા તરફથીજ આં હીદાયત કરવાની મુસીબત અને સખતી ઉપાડી છે.

ઇમામ હુસેન અ૦ ની અઝાદારી બંધ કરાવવાનો પ્રયાસ તે સુર્ય તરફ ધુળ ફેંકવા સમાન વ્યર્થ મહેનત છે. ઇસલામી આલમમાં આજથી તેરસોહ વરસ પુર્વે એક એવો મહાન ભયંકર અને હ્રુદયદ્રાવક બનાવ બની ગયો છે કે જેની અઝાદારીનો અસર એટલો બધો ફેલાઇ અને અસર કરી ગયો છે કે, જેને બંદ કરાવવાનો પ્રયાસ ઘણોજ અશકય છે; કારણ કે તે ઇમામની અઝાદારી આજ તેરસોહ વરસ થયા ચાલતી આવી છે, એટલુંજ નહીં; પરંતુ તે મઝલુમની અઝાદારીને અટકાવવાને કેટલીક વખતે જે જે લોકોએ પ્રયાસ કર્યો હતો, તેઓ કુદરતી સજાએ પહોંચ્યા છે અને તે જગજાહેર છે.

હવે એ જાણવું જરૂરનું છે કે; આ ચાલુ ઝમાનામાં માતમ કરવું સુન્નત છે કે વાજીબ? તો તે વીષે જાણવું કે દરેક બાબત કે જે સુન્નત હોય, અથવા તાકીદ ભરેલી સુન્નત હોય; પરંતુ જયારે એ મટાડવા માટે મુનાફેકો કોશીશ કરી રહ્યા હોય અને તે મટી જવાનો ખોફ હોય, તો એ બાબતની હીફાઝત કરવા અને તેને સાંચવી રાખવી વાજીબ છે. અગરચે એ બાબત હકીકતમાં

મુસ્તહખ હોય અને તે જારી રાખવી દીખ મોહમ્મદીને જીવતું રાખવા સમાન છે. તો આ ઝમાનામાં માતમે હુસેન કરવું વાજીબ સગાન છે.

એક દુન્યાનો બાદશાહ ગુજરી જાય છે ત્યારે રઇયત કેટલો ગમ કરે છે અને ગમની નીશાનીઓ તરીકે વાવટા ઉપર પણ કાળા કપડાં વીંટવામાં આવે છે તો વીચારવા જેવી બાબત છે કે તમામ શહેનશાહના શહેનશાહ; બલકે આખેરતના શહેનશાહ; એટલું નહીં, પણ નજાત અપાવી જન્નતમા લઇ જનાર, આપણા આકા અને ઇમામ નુરે ખુદા અલ્લાહના પ્યારા રસુલના નવાસા તેઓ સખ્ત કમકમાટ ભરેલી રીતે શહીદ થયા છે તો તેઓને માનનારા અવ ચાહનારા અને નજાત અપાવનાર જાણનારા કેમ તેઓના ગમના દીવસે ગમ ન કરે અને શા માટે છાતી કુટીને માતમ ન કરે ?

અફસોસ ઝમાનો ઘણોજ ખરાબ આવ્યો છે. આકા ઇમામ હુસેન અ૦ ને નામનાજ જીભ ઉપરથી માનનારા અથવા નહીં જ માનનારા ખારજીઓ. તે જનાબને માને નહીં એ તો ઠીક; પરંતુ ઉલટો સામે એતેરાઝ કરવા બાહેર પડી અઝાદારી અટકાવવાનો પ્રયાસ કરી રહ્યા છે અને એમ બતાવવા નીકળ્યા છે કે, શરામાં રડવાની મનાઇ છે. મઇયત પાછળ રડવું નહીં; પણ તેઓ તવારીખોથી અજાણ્યા છે અથવા જાણીને છુપાવવા માગે છે. તવારીખમાં છે કે જયારે જંગે ઓહોદમાં હજરતે હમઝા જનાબ

રસુલે ખુદા સ૦ ના કાકા શહીદ થયા અને આપની લાશ હજરતે જોઇ ત્યારે બેઇખ્તીયાર ઝાર ઝાર રડવા લાગ્યા. અને લડાઈ ફતેહ કરીને મદીનામાં ગયા તો સાંભળ્યું કે, મોહાજરીન અને અનસારની ઓરતો પોત પોતાના શહીદ થએલાઓ માટે રડે છે અને નવહા અને માતમ કરે છે અને જનાબે હમઝા અ૦ ના ઘરમાં કોઈ ન હોવાથી રડવાની અવાજ આવી નહીં, તેથી આપે દીલગીર થઇને ફરમાવ્યું કે આ ગામમાં મારા કાકા એવા ગરીબ હતા કે તેઓની પાછળ કોઈ રડવાવાળું પણ નથી. હજરતના ગમી ભરેલા આવા શબ્દો અનસાર અને મોહાજરીનની ઓરતોએ સાંભળ્યા, તેથી તેણીઓએ એવો ઠરાવ કર્યો કે રાતના વખતે હમેશાં હજરત હમઝા અ૦ ને ઘરે જઇને તેઓ માટે રડતીઓ હતી અને દીવસના પોત પોતાના ઘરમાં પોતાના શહીદો માટે રડતીઓ હતી.

અને હજરત રસુલે ખુદા માટે હઝરત અલી અને ઇમામ હસન તથા હુસેન અ૦ નું રડવું અને ઇમામ હુસેન અ૦ માટે ઇમામે ઝયનુલ આબેદીન અ૦ નું ઘણા વરસો સુધી રડવું વીગેરે વીગેરે મશહુર છે. એવા સેંકડો દાખલાઓ મળી શકે તેમ છે; પરંતુ જગ્યાની તંગીને લઇને તે સરવે લખી શકતા નથી, પરંતુ થોડાક દાખલાઓ ઇનશાઅલ્લાહ લખી અઝાદારી અને રડવા પીટવાની ઇમામો તરફથી કીંવા શરામાં બીલકુલ મનાઇ નથી બલકે ઉપલા દાખલાથી સિદ્ધ થઇ ચુકયું કે શરામાં

રડવા પીટવાની બીલકુલ મનાઇ નથી. અગર શરામાં મનાઇ હતે તો ખુદ જનાબે રસુલે ખુદા સ૦ હજરત હમઝા અ૦ માટે રડતે નહીં અને રડવાનો હુકમ ફરમાવતે નહીં.

મી૦ ઉનાવાળાએ પ્રગટ કરેલી ' મુશકેલાત " નું એક રૂખ ઉપર બતાવ્યું છે હવે તેના બીજા રૂખ તરફ આવીએ. અહીં પણ તેમના ઢોલની પોલ સફાઇબંધ ઝળકી નીકળી છે.

મી૦ ઉનાવાળાએ પોતાના પેમ્ફલેટમાં કીતાબ નામે રોઝતુશ શોહદામાંથી પણ ઉતારો આપ્યો છે મજકુર કીતાબ પંજેતને પાક અ૦ ની મુસીબતના એહવાલમાં હોવાથી તેમાંથી ઠેકાણે ઠેકાણે રડવા પીટવાના દાખલાઓ મળી શકે છે છતાં મી૦ ઉનાવાળા તે ઉપર લક્ષ ન આપતાં પોતાના મતને પુષ્ટી આપવા માટે એવી કેટલીક કડીઓ આખી કીતાબમાંથી ઉતારીને તે પોતાની શંકાઓના ટેકામાં પ્રગટ કરી છે પરંતુ તે કડીઓ હ૦ ઇમામ હુસેન અ૦ મે પોતાના કુટુંબની બીબીઓ બચ્ચાંઓને દીલાસા રૂપી સબ્રના કલામ રૂપે ફરમાવ્યા છે. (નહીં કે રડવાની મનાઇ કરી છે) તે ઉપર મી૦ ઉનાવાળાએ પોતાની શંકાઓનો પાયો ચણ્યો છે; પરંતુ રોઝતુશ શોહદામાં ઇમામ હુસેન અ૦ એહલે બએતને સબ્ર કરવા ફરમાવેલી કડીઓ પછી એહલે બએતનું રોવું, કલ્પાંત કરવું વીગેરેનું બયાન પુષ્કળ જોવામાં આવે છે, પરંતુ તે સઘળી બાબતોને મી૦ ઉનાવાળાએ છોડી દઇને ભોળા લોકોને ભમાવવાની જાહેર કોશીશ કીધી છે. આ પણ મી૦ ઉ-

નાવાળાનું સફેદ જુઠાણું છે અને તેમના ચસ્કી ગએલાં ભેજા-
નોજ બુટો છે.

મી૦ ઉનાવાળાનો હેતુ ઇમામ હુસેન અ૦ ની અઝાદારી પ્રત્યે પબલીકમાં શંકાઓ જાહેર કરી તે અટકાવવાનો છે, પરંતુ માતમ કરવું એટલે છાતી કુટવી તે જાએઝ બલકે વાજીબ હોવાની કુરઆને શરીફની આયતો અને હદીસો તથા રીવાયતોથી સાબીત કરી આપીએ છીએ.

જાણવું જોઇએ કે ઇમામે હુસેન અ૦ ના ગમમાં માતમ કરવું એટલે છાતી કુટવી તે ઇમાનદારોની ચાલ છે; બલકે શીઆહની નીશાની છે અને ઇસલામીઓમાં ઇમામે હુસેન અ૦ ના મોહીબ હોવાની પરખ છે અને એ માતમ વાજીબ હોવા વિષે અથવા તાકીદ ભરેલી સુન્નત હોવા વિષે કુરઆને શરીફમાં ઘણી આયતો છે, તેઓમાંની સુરે યુસફની આયતો છે. ખુદાએતઆલા ફરમાવે છે કે,

૧—"વતવલ્લા અન્હુમ વકાલ યા અસફાઅલા યુસોફ વબ્યઝ્ઝત અયનાહો મીનલ હુઝને ફહોવા કઝીમ. કાલુતલ્લાહે તફતઓ અતઝકોરો યુસોફ હતા તકુન હઝરત મીનલ હાલેકીન"

એટલે "તેઓથી યાઅકુબે મોઢું ફેરવ્યું અને કહ્યું હાય અફસોસ યુસફ માટે અને તેની જુદાઇની ગમીમાં ગુસ્સો પીતો હતો એટલે સુધી કે આંખો ધોળી થઇ ગઇ એટલે આંખોનું

તેજ ચાલ્યું ગયું. આથી તેઓએ કહ્યું કે તું યુસફની યાદ મુકીશ નહીં એટલે સુધી કે ગળી જઇશ અથવા મરી જઇશ."

તો હ૦ યાઅકુબ અ૦ પેગંબરે પોતાના ફરઝંદ યુસફની જુદાઇમાં અફસોસી ઝાહેર કરી અને ગમગીન થયા. એટલુંજ નહી પણ એ ગમથી એટલો સદમો થયો કે તેઓની આંખો સુફેદ થઇ ગઇ. તો એ આંખોનું તેજ દુર થવાનું કારણ યાઅકુબ અ૦ પોતે ઠર્યા; કેમકે અગર તેઓ એટલી ગમી ન કરતે તો આંખો ચાલી ન જતે. દોઆથી સાબીત થયું કે; નબીઓનાં ફરઝંદોની જુદાઇના ગમમાં આંખોને આંધળી કરવી તે પૈગમબરોના તરીકામાંનો એક તરીકો છે. માતમ કરવું એ ગમીના કારણથી છે અને માતમ કરવાથી છાતી ઝખ્મી થાય છે તો તે છાતી ઝખ્મી કરવી તે ગમીનું કારણ છે તો મતલબ એ કે ગમીના સબબથી રડવું આવે છે અને બહુજ રડવાથી આંખો જાય છે. તેમજ ગમીના સબબથી માતમ થાએ છે અને માતમના સબબથી છાતી ઝખ્મી થાએછે તો કુરઆને શરીફથી સાબીત થયું કે નબીઓનું અવલાદ માટે આંખ્યો ખોવી જાએઝ છે ત્યારે છાતી કુટવાનું તો ઘણે દરજે વધારે સાબીત થયું.

૨—ખુદાએતઆલાએ પચ્ચીસમાં સીપારાના ચૌદમા રૂકુમાં ફરમાવ્યું છે કે "ફમાબકતઅલયહેમુસ્સમાઓ વલ અરઝો" " એટલે તેઓ ઉપર આસમાન અને ઝમીન રોએલ નથી " તે છેલ્લે સુધી તો એની તફસીરમાં ઘણાઓએ લખ્યું છે કે આસ-

માન અને ઝમીન કોઇ ઉપર રડેલ નથી; પણ ઈમામ હુસેન અ૦ ઉપર રડેલ છે.

આજે દુન્યામાં જુઓ તો કોઇના માટે કોઇ મઝહબના લોકોમાં પણ એટલું રડવામાં આવતું નથી કે જેટલું એ મઝલુમ માટે રડવામાં આવે છે અગર કોઈ માટે રડતા હોય તો એ કરતાં લાખો દરજે વધારે એ મઝલુમ માટે રડાય છે. બલકે એમ પણ કહેવામાં આવે કે ગુઝરેલામાંના કોઇ માટે હમેશા રડવાનું ચાલુ નથી; પણ ફક્ત એ મઝલુમના માટેજ ચાલુ છે.

૩–શીઆહ અને સુન્નીઓના ઘણા તવારીખ લખનાર લખે છે કે, જયારે ઓહોદની લડાઇમાં હ૦ રસુલે ખુદા સ૦ ના બે દાંત તુટી ગયાં અને એ ખબર યમનમાં આપના માનવંતા અસહાબ જનાબે ઉવયસે કરનીએ સાંભળી ત્યારે તેઓને બહુજ ગમ થયો અને એ હઝરતની મોહબ્બતના જોશમાં તેમણે પોતાના તમામ દાંત પાડી નાંખ્યા. જ્યારે જનાબે રસુલે ખુદા સ૦ ને એ બાબતની ખબર પડી ત્યારે આપે ફરમાવ્યું કે "ઉવયસ મારો હબીબ છે" તો ફક્ત હઝરતના દાંત માટે થઇને આપના દોસ્તે તમામ દાંત પાડી નાખવાથી હઝરતે કાંઇ ઠપકો આપ્યો નહી; બલકે હઝરતે તેમને પોતાનો હબીબ કહ્યો તો તેઓના કલેજાના ટુકડાની શહાદતના ગમમાં છાતી કુટવામાં આપ કેટલા ખુશી થતા હશે.

૪—હઝરત ઇમામ ઝયનુલ આબેદીન અ૦ માઅસુમ છે તો

તેઓ વીષે મશહુર રીવાયતોમાં છે કે, કરબલાથી રવાના થતી વખતે યઝીદીઓ અહલેબેત અ૦ ને કેદ કરીને લઇ ચાલ્યા. જયારે હ૦ ઇમામ હુસેન અ૦ ની લાશ પાસે પહોંચ્યા ત્યારે જનાબે ઝયનબ અ૦ મેં ઉંટ ઉપરથી પછાડી ખાધી; બલ્કે તમામ બીબીઓએ પોત પોતાના ઉંટ ઉપરથી પછાડી ખાધી અને એ બનાવ હ૦ ઇમામે ઝયનુલ આબેદીન અ૦ ની સામે બન્યો; પણ આપે તેઓને મનાઇ કરી નહીં, તેમ ઠબકો આપ્યો નહિ. તો માઅહુમ જેની મનાઇ ન કરે, તે કામ જાએઝ હોવામાં લેશ માત્ર પણ શક નથી અને જયારે એ કામ ખુદાના વલી માટે કર્યું તો તે મુસ્તહબ થયું.

હવે નીચે હદીસો લખું છું જેથી મી૦ ઉનાવાળાની શંકાઓ તદન પાયા વગરની સાબીત થશે. મોઅતેબર હદીસમાં લખે છે કે,

૫–"કાલ રસુલુલ્લાહે સ૦ મનબકા અલા મોસાબીલ હુસ યને અવતઝકર અવ જલસ ફી મજલેસીન અવ ખદર અહલલ અઝાએ કઅન્નહુ ઝારની અલલ અર્શે અરબઅના મરીતન મઅ અલી ઇબ્ને અબી તાલેબ."

શફીઉલ મુઝનબીન જનાબે રસુલે ખુદા સ૦ ને ફરમાયા કે જો બંદએ મોઅમીન મેરે ફરજંદ હુસેનકી મુસીબત પર રોએ યા ઝીક્ર કરે ઉસકી મુસીબતોકાં યા મજલીસે અઝાએ હુસેનમેં બયઠે યા અઝાદારોં ઓર એહલે મીજલીસકી ખીદમત કરે તો ગોયા

જરને મેરી ઝીયારત કી, અરશે ખુદા પર સાથ અલી બીન અબી તાલેબ અ૦ કે ચાલીસ મરતબા યા અને ચાલીસ મે અરાજકા સવાબ ઉસકો હોગા.

૬ મનકુલ હય કે એક રોઝ જનાબે રસુલે ખુદા સ૦ ને અપની પારએ જીગર જનાબે ફાતેમએ ઝહરા અ૦ કો શહાદતે ઇમામ હુસેન અ૦ કી ખબર દી ઓર જો મુસીબતે મઝલુમે કરબલા પર વાકેઅ હોને વાલી થીં વોહ બયાન કી. ફલતક ફાતેમતો બુકાઅન શદીદનું" માઅસુમા બહોત શીદતસે રોઇ ઓર અર્ઝ કી કે, યેહ હાદેસા મેરે હુસેન પર કબ હોગા? હઝરતને ફરમાયા અફસોસ! તનહાઇએ હુસેન પર કયા પુછતી હો! જબ વોહ મજલુમ ઇન બલાંઓમે મુબતેલા હોગા તો ન મંય હુંગા, ન તુમ હોગી, ન અલી હોંગે. યેહ સુનકે જનાબે ફાતેમાહ પહેલી મરતબાસે ભી ઝીયાદાહ બેકરાર હોકે રોઇ ઓર કહેને લગીં કયું બાબા જબ હમમે સે કોઇ ન હોગા તો, ફીર મેરે હુસેન પર કોન રોએગા? ફરમાયા " યા ફાતેમનો ઇન્ન નેસાઅ ઉમ્મતી યબકીન અલા નેસાએ અહલે બયતી વરેજાલહુમ યબ્કુન અલા રેજાલિન અહલે બયતી." અએ ફાતેમાહ મેરી ઉમ્મતકી ઓરતેં ઝનાને એહલે બયતકે હાલપર રોએંગી. ઓરત મરદાંને ઉમ્મત એહલે બયતકે મરદોં પર ગીરયા કરેંગે, મજલીસ બરપા કરકે માતમ કીયા કરેંગે. જબ રોઝે કયામત હોગા તુમ ઉન ઓરતોંકી શફીઅત કરેગી ઓર ઉન મરદોંકી શફાઅત મંય-

કરૂંગા. ખતહકીન જો હાલે હુસેન પર રોએગા "અખઝનાહો એ યદેહી વઅદખિલના મહુલ જન્નાહ" હમ ઉસે હાથ પકડકે દાખીલે જન્નત કરેંગે.

૭-હદીસ-"અનિસ્સાદેકે અલયહિસ્સલામ અન્નહુ કાલ ર. હેમલ્લાહો શીઅતના લકદ સારકુના ફિલ મુસીબતે બે તુલીલ હુઝને વલ હસરતે અલા જદેયલ હુસયન"

જનાબે ઇમામે જાફરે સાદેક અ૦ ને ફરમાયા, ખુદા રહેમ કરે હમારે શીઓં પર. ઉન્હોંને હમારે જદદે મઝલુમ ઇમામે હુસયન અ૦ કી મુસીબતમેં અંદોહે ગમકો તુલ દેકર હમારા સાથ દીયા. યાઅને જીસ તરેહ હમ ઉસ જનાબકો યાદ કરકે રોતેં હંય ઉસી તરેહ હમારે શીઆહ ભી ઉન્હેં યાદ કરકે રોતે હંય.

૮—સાહેબે અસરારૂશ્શહાદાહ લીખતે હંય કે એક સખસ આઝરબઈજાનકા રહનેવાલા બતૌર સય્યાહી મુલ્કે હીંદુસ્તાનમેં પહોંચા. ઇતેફાકન એક રોજ કીસી કરયેમેં ઉસકા ગુઝર હુવા. દેખાકે સહરાકી જાનીબસે કુછ હીંદુ એક મય્યત લીએ ચલે આતે હંય. યેહ સખસ ભી બતૌર તમાશાઇયોંકે ઉનકે સાથ ચલા. એક મકામ પર ઉન્હોંને લાશ રખદી ઔર ગીર્દ અંબાર લકડીયુંકા ચુન દીયા ઔર આગ લગાદી ઇન્દુદ તહકીક માઅલુમ હુવા કે વોહ મઇયત દુખતરથી. પસ ઉસ આગસે જીસસે મઇયત જલકર ખાકીસ્તર હો ગયા. લયકીન ઉસકી છાતી જલી નહીં. ધબ્બા ભી નહીં આયા, હમરાહીયોંકો નેહાયત હેરત આ-

બ હુવા. ઉંનકે આલેમોને દુખારાહ ઓર લકડીયાં જમાં કરકે આગ લગાદી, ઓર કુચ્છ મન્તર પહડી. મગર આગને ઉસકી છાતી પર મુતલક અસર ન કીયા. ઉસ વક્ત ઉનકા આલીમ ગઝબનાક હોકર બોલા. માલુમ હોતા હય કે, ઇસ લડકીસે કોઇ મા અસીયતે બુઝર્ગ ઓર ખતાએ અઝીમ સરઝદ હુઇ હય. ઇસ લીએ ઈસકા સીના નહીં જલતા. યેહ સુનકર ઉસકે અઝીઝોંકે રંગ મોતાગયર હો ગયે ઓર ચેહરે મીસલ ઝાઅફરાનકે ઝર્દ હોગએ. આપસમેં એક દુસરેકો દેખને લગે. લોકોને ઉસકી બહનસે પુછા કે તું ઇસકે અફઆલ વ અહવાલસે ખુબ વાકીફ હય. આયા કોનસા ખરાબ કામ ઈસસે સરઝદ હુવા હય. ઉસને કસમ ખાકર કહા, મેને સીવાએ ઉમુરે ખયરકે કોઈ બુરી બાત નહી દેખી ઓર યેહ અપને દીન પર સાબીત કદમ થી. "સુમ્મ કાલત નઅમ હઝરનો મખફા ફી યવમીન મીન અય્યામે શહરિલ મોહરમમેં ફી મજલેસિલ મુસલ્લેમીન વકાના મજલેસો તઅઝીર તીલ હુસયને વઝિકરો મસાએલેહી."

હયકીન હાં, એક રોઝ યેહ કયફીવત ગુઝરીથી અય્યામેં મોહર્રમમે મજલીસે હુસેન અ૦ મેં હમ દોનોં બહનોંકા ગુઝર હુવા દેખા એક સંખસ મીમ્બર પર કુછ ઝીકર ઉન મુસીબતોંકા, જો હુસયન અ૦ પર ગુઝરી હંય. બયાન કરતા હય ઓર હાઝેરીને મજલીસ ઉન મસાએબકો સુનકર રોતે હંય ઓર અપને સાંને પીટતે હંય ઉસ ઝાકીરને અયસી મુસીબતેં ઉસ મઝલુમકી

ખયાનકી; જીસકે સુનતેહી હમારે દીલોંકો તાખ ન હુઇ. કલેજા મુંહકો આને લગાં. બેઇખ્તેયાર હોકર હમ દોનો બેહનોને મીસલ મુસલમાનોંકે રોના ઓર સરો સીના પીટના શરૂઅ કીઆ. યેહ સુનકે બ્રહમનને કહા ઇસી ગુનાહકે બાઇસસે છાતી ઇસકી નહીં જલી.

ઉપલી હદીસો તથા રીવાયતોથી સાબીત થયું કે ઇમામ હુસેન અ૦ ની મુસીબત એવી ભયંકર અને હૃદય દ્રાવક છે કે ગયર કોમના લોકો પણ સાંભળીને પોતાની ચક્ષુઓમાંથી અશ્રુજળના પ્રવાહને પ્રવાહિત કરવા શીવાય રહી શકયા નથી તો આપણા તો આકા અને નજાત અપાવનાર છે, તો શામાટે માતમ કરીએ નહીં? જેમકે કોઇએ કહેલ છે કે "મુખતાર કારખાનએ બારી હુસેન હય" એટલે ખુદાના કારખાનાના મુખતાર હઝરતે ઇમામ હુસેન અ૦ છે.

અય મઝલુમે હુસેન આપ ઉપર મારી જાન ફીદા થાય. તમારૂં એહસાન કયામત સુધી ઇસલામ ઉપર છે. કોઇ એહ-સાન ભુલનાર મુસલમાન આપનો હક અદા ન કરે અને આ-પની યાદગીરી કાયમ ન રાખે, તો તેના બદ અમલની સજા ભોગવવા માટે તેણે તૈયાર રહેવું જોઇએ. અએ ઇમામ ઉપર વ્હા-લી જાન ને કુરબાન કરનારા! અએ હુસેન મઝલુમ! તમારાથી દુર ગુલામ જ્યાં સુધી જીવતો છે, ત્યાં સુધી તમારી અઝાદારીમાં કોઇ કસુર કરશે નહીં તમારી યાદગાર કાયમ કરવામાં તનતોડ

કોશીશ કરીશ. હાથ હમેશાં તમારા માતમ માટે વકફ રાખીશ અને તમામથી વધારે આપની સારી યાદગાર મારા અંતઃકરણમાં નકશ કરી લઇશ. ઇનશાઅલ્લાહ ઝમાનાના ખારજીઓ મારા હાથ અટકાવી શકશે નહીં.

હનફી મઝહબવાળા જનાબ શાહ અસનદઅલી સાહેબ કાદરીએ "તંબીહુલ ખવારીજ" નામના રીસાલામાં તાઝીયાને બુતપરસ્તી કહેનારા અને અઝાદારીના વીરોધીઓ માટે કેટલાક શેઅર લખ્યા છે તેના જવાબમાંથી થોડાક શેઅરો નીચે મા૦ ઉનાવાળાની શુધ ઠેકાણે લાવવા માટે દરજ કરીએ છીએ.

તાજીયેકો બુત કહે કયું કર નઇખવાને યઝીદ
બાપ દાદોંને કીયા ઉનકે ઈમામોકો શહીદ
બુત પરસ્ત ઇન્કે બુઝુર્ગ અગલેથે મલઉનો પલીદ
હય ખબર ઇસ્કી પડહો જાકર બ કુરઆને મજીદ
અઝાદારી સુબુતે કત્લે માઅસુમાન હય
જો મનઅ ઇસકો કરે જાનો ઉસે શયતાન હય

એટલે યઝીદના ભાઇઓ તાજીયાને શા માટે મુર્તિ ન કહે, કેમકે તેઓના બાપદાદાઓએ ઇમામોને શહીદ કર્યાં છે અને તેઓનાજ આગળના બુઝરગો બુત પરસ્ત હતા. જેમકે એ વીશે કુરઆનમાં ખબર આપેલ છે. અઝાદારીથી તો મઝલુમોની શહાદત સાબીત થાય છે માટે જે અઝાદારીની મનાઈ કરે તેને તાન સમજજો.

તાજીઆ ફીલ અસલ નકલે રવઝએ શપ્પીર હે
યેહ ન બુત હે, ન કીસી કી રૂહકી તસવીર હે

બલકે ઇસમે ખેરો બરતકી ભરી તાસીર હે
મુનકીર ઇસકા બે શુબહ શયતાનકા નખપીર હે

અઝાદારે.સે રાઝી હય જનાબે ફાતેમાહ
પંજતનકે હાથ પર હોતા હય ઇન્કા ખાતેમાહ.

એટલે તાજીયા જે છે તે; બુત નથી તેમજ કોઇ જાનદારનું પુતળું નથી; પણ હકીકતમાં તે ઇમામે હુસેન અ૦ ના રોઝા મુકરબાનો નકશો છે અને હઝરતના રોઝાનો નકશો હોવાથી તેમાં ખેરને બરકત છે અને એ બાબતનો ઇન્કાર કરે, તે શયતાનનો ચેલકો છે; બલકે અઝાદારીથી જનાબે ફાતેમાહ રાજી થાએ છે; એટલુંજ નહીં પણ પંજેતને પાકના હાથ ઉપર તેઓનો ખાતેમો બેર થાએ છે.

મી૦ ઉનાવાળા "મુશકેલાત' મા કીતાબ નામે ઇસ્લાહુર રૂસુમ બકલામીલ માઅસુમમાં આવેલી હદીસો (કે જે ઇમામ હુસેન અ૦ ની અઝાદારી સાથે કોઇ સબંધ ધરાવતી નથી) ટાંકીને એમ સીદ્ધ કરવા માગે છે કે ઇસનાઅશરીઓ, જે ગમે હુસેન અ૦ કરે છે તે ફોકટનું છે અને ખુદા વ રસુલના હુકમો એટલે ફરમાનોથી વીરૂદ્ધ છે. વી૦ વી૦ લખીને પોતાની શીફત લડાવી છે. પરંતુ અમો નીચે હદીસો ટાંકી સીદ્ધ

કરી આપીએ છીએ કે, ઇમામ હુસેન અ૦ ના ગમમાં ઇમામો તથા નબીઓ વીગેરે પણ રડયા છે.

૯—મનકુલ છે કે એક શખશે હ૦ સાહેબુલ અમ્ર બારગા ઇમામ અ૦ ને "કાફ" "હા" "યા" "અએન" "સુવાદ" ની તફસીર પુછી, તો આપે ફરમાવ્યું કે હકતઅલાએ એ મુકતેઆત હરફની તફસીર હ૦ ઝકરીયાહ પયગમ્બરને બતલાવેલ છે અને તે પછી વળી તે બાબતની ખબર જનાબે રસુલે ખુદા સ૦ ને આપી છે.

યા અને "કાફ" થી મુરાદ કરબલા છે. અને "હા" થી મુરાદ હલાકત છે (શહીદ થવાની) છે અને "યા" થી મુરાદ યઝીદ લઇનની છે કે, તે ઇમામે હુસેન અ૦ ને શહીદ કરશે અને "અએન" થી મુરાદ અતશ (પ્યાસ) ની છે, કે હઝરત પ્યાસા શહીદ થશે અને "સુવાદ" થી મુરાદ સબરની છે કે; જનાબ ઇમામ હુસેન અ૦ તમામ મુસીબતોમાં સબર કરશે.

જ્યારે હ૦ ઝકરીયાહને ઉપર મુજબ હ૦ ઇમામ હુસેન અ૦ ની મુસીબતનો હાલ માલુમ થયો; તો ત્રણ દીવસ સુધી રડયા અને મસજીદમાંથી બાહર નીકળ્યા નહીં.

૧૦—મનકુલ છે કે, રૂમની સર જમીનમાં "ઇજાલા" નામનો બાદશાહ પણ ઝાલીમ હતો અને બુતપરસ્ત હતો. તેની હીદાયત માટે હકતઆલાએ જનાબે જરજીસ અ૦ ને મબઉસ

કર્યા હતા. હવે એ ઝાલીમ બાદશાહને હઝરત જેમ જેમ નસીહતથી હીદાયત કરતા હતા તેમ તેમ તે બાદશાહ વખતો વખત ક્રોધાયમાન થઇને એ હઝરતને વારમવાર તરેહ તરેહની અઝીયત અને દુખ દેતો હતો.

પ્રથમ તો એ ઝાલીમ બાદશાહે હઝરત જરજીસ પયગમ્બરના શરીર પર લોઢાના સરીયા આગમાં ધગાવીને ડહામ દીધા અને સાંધે સાંધામાં પરોવ્યા અને એ તમામ ઝખમોમાં ઝહેર ભરીને તે ઉપરે તમામ રાત સુરકો છાંટયો અને રાતના વખતે એક લોઢાનો થંભ વજનદાર તેમના પેટ ઉપરે રાખ્યો;પરંતુ જીંદગીનું દોરડું ઘણુંજ મજબુત હોવાથી. એ તમામ ઇઝાઓ સહન કરીને ખુદાનો શુક્ર કર્યો તો સુબહની વખત હ૦ જીબરઇલે નાઝીલ થઇને ખુદાની ખુશનુદીની વધામણી આપી.

તે પછી એ ઝાલીમ બાદશાહે હઝરતના શરીરના સાંધે સાધા જુદા કરીને કુવામાં નાખી દીધા. તો જનાબે મીકાઇલ અ૦ નાઝીલ થયા અને કુવામાંથી કટકા કાઢીને ભેગા કર્યા અને ખુદાવંદ કરીમે તેઓને પાછા સજીવન કર્યા. તો વળી એ ઝાલીમ બાદશાહે ક્રોધમાં આવીને એક ત્રાંબાની પાટ આગમાં ધગાવીને તે ઉપરે સુવરાવ્યા અને શીશું ગરમ કરીને પીવરાવી દીધું, અને આંખોમાં ખીલા માર્યા અને તેમના પવીત્ર શરીરને આગમાં બાળી તેની રાખ કરી હવામાં ઉરાડી દીધી. તો ફરીથી હ૦ મીકાઇલ નાઝીલ થયા ને ખુદાના હુકમથી હઝરતને જીવતા કર્યા.

ચોથીવાર એ ઝાલીમ બાદશાહે હ૦ જરજીસ અ૦ ને બે પાટયાના વચ્ચે બાંધીને કરવતથી વેરાવીને બે કટકા કર્યા અને દેગમાં નાંખીને તેમાં ગુગલ અને શીસું ભરીને ચુલા ઉપરે મુકીને, તે દેગની નીચે આગ સલગાવી; પણ ખુદાની કુદરતથી તેમને કોઇ અઝીયત થઇ નહીં અને પાછા સજીવન થયા.

સદરહુ મુજબ એ ઝાલીમ બાદશાહે ઝુલમ કર્યાં બાદ હ૦ જરજીસને ગરદન મારવાનો નકી વીચાર કર્યો અને એ હઝરતનો વાયદો પણ બરાબર થઇ ચુકયો; તો જે વખત બાદશાહના હુકે-મથી જલ્લાદ તરવાર લઇને ગરદન મારવા માટે ઉભો થયો ત્યારે જરજીસ અ૦ બુમો પાડીને રડયા. હ૦ જીબરઇલે કહ્યું. અય હ-ઝરત તમોએ મોટી મોટી મુસીબતોમાં સબર કરી અને આ વખતે શામાટે રડોછો તે બાબતમાં મને ઘણી અજાયબી લાગે છે. જર-જીસ અ૦ મે ફરમાવ્યું કે, કએદમાં મેં નબી યુનુસ અ૦ નો હાલ તસવ્વુર કર્યો અને ઝખમોમાં અય્યુબ અ૦ નો ખ્યાલ કર્યો અને આગ અંદર બલવામાં હ૦ ઇબ્રાહિમના હાલનો ધ્યાન આવ્યો, અને કરવતથી વેરાતી વખતે ઝકરીયાહ અ૦ નો હાલ યાદ કર્યો અને આંખુની ના બીનાઇમાં યાઅકુબ તથા શોએબ અ૦ નો ખ્યાલ કર્યો. એ પ્રમાણે સદરહુ મુસીબતોમાં સબર કર્યું; પરંતુ આ વ-ખતે મારી ગરદન મારી જાય છે હઝરત હુસેન મઝલુમે કરબલા ખાતે મુન્નબીય્યીન રસુલીલ્લાહ સ૦ ના નવાસાની મુસીબતો યાદ આવી એટલે બે ઇખ્તીઆર થઇને રડયો

આએ જીબ્રઇલ જેટલા ખાસાને ખુદા બલામાં મુબતેલા થયા, તો તે સરવે પોતાની વાહીદ ઝાતથી થયા છે. કોઈનો જવાન ફરજંદ તેમની રૂબરૂ કતલ થયો નથી. કોઇની ગોદમાં તીફલે શીરખ્વારના ગળા ઉપર તીર લાગ્યો નથી. કોઇના ભાઇ ભત્રીજાનું લોહી આંખુની આગળ જમીન પર જારી થયું નથી. કોઇના અહલો અયાલ ઉપરે દાણો પાણી ત્રણ દીવસ બંધ થયું નથી. કોઇના શરીર ઉપર એક હજાર નવસો પચાસ ઝખમ લાગ્યા નથી. કોઇની ગળું કપાએલી લાસ બેગોરો કફન પડી રહી નથી. કોઇની બીબીયું કૈદ થઇ શહેર શહેર દર બદર ફેરવવામાં આવી નથી. અફસોસ સદ અફસોસ શહેર શામના હાકીમના હાથથી એ સરવે મુસીબતો ઇમામે હુસેન અ૦ ઉપર ગુજરશે. કારણકે એ વખતે હું ત્યાં જઇને હાજર હતે અને સઆદત બે નીહાયત હાંસીલ કરતે. હવે હું દુઆ કરૂં છું કે મારો હશર ઇમામ હુસેન અ૦ સાથે થાય.

તેમ હ૦ આદમ સુલેમાન, મુસા, ઇસા, ઇબ્રાહીમ વિગેરે પેગમ્બરોએ ઇમામ હુસેન અ૦ ની મુસીબતોથી આગાહ થતા હતા ત્યારે ઝાર ઝાર રડતા હતા. તો શું મી૦ ઉનાવાળા તવારીખોમાં જોઈ શકયા નથી? અથવા એમ કહેવાની હીંમત કરી શકશે કે: "નબીઓએ પણ (મઆઝલ્લાહ) શરાહથી વીરૂદ્ધ વરત્યા છે.

૧૧—મનકુલ છે કે જયારે હ૦ આદમ અ૦ મેં પંજતન

પાક અ૦ ના નામ અરશ ઉપરે લખેલાં જોયાં ત્યારે જનાબે જીબરઇલે કહ્યું કે, અય આદમ. તમો આએ પંજતન અ૦ ના નામ યાદ કરો અને તેના વસીલાથી ખુદાની મહેરબાની અને બરકત ચાહો. ત્યારે હ૦ આદમ અ૦ મેં પંજતન પાક અ૦ ના નામ મોઢે યાદ કર્યા અને ખુદા પાસે પોતાની હાજત તલબ કરતી વખત, તેમાં પંજતનના નામને શરીક કરીને દોઆ કરતા હતા.

જયારે પાંચ નામમાંથી ચાર બુઝર્ગવારોના નામ લેતા હતા; ત્યારે આદમ અ૦ પોતાની અસલ સ્થિતિમાં રહેતા હતા; પણ જયારે પાંચમાં બુઝરગવાર એટલે ઇમામે હુસેનં અ૦ નું નામ લેતા હતા; તો તેમની આંખોમાંથી બેઅખતેઆર આંસુ જારી થતાં હતાં અને તેમનો દીલ તુટી જતો હતો, તો તેનો સબબ જનાબે જીબરઇલને પુછયો, તો જીબરઇલે ફરમાવ્યું કે અએ આદમ, એ તારો ફરજંદ એવી તો મુસીબતમાં ગીરફ્તાર થશે કે, તેની આગળ તમામ મુસીબતો કમતી થઈ જશે. હ૦ આદમ અ૦ મેં ફરમાવ્યું, યા અખી! કઇ અને કેવી મુસીબત છે? જીબરઇલે ફરમાવ્યું કે, તે પ્યાસો અને ગરીબુલ વતન, તને તનહા, શહીદ થશે. કોઇ તેનો મદદગાર થશે નહીં અને તે વખત, એ ફરીયાદ કરશે તો કોઇ તેને તલવાર અને તીર મારવા સીવાય જવાબ દેશે નહીં. છેવટ તેને કુરબાનીના બકરાંની જેમ ઝબહા કરશે. એ ખબર સાંભળીને જનાબે આદમ અ૦ અને સાથે જીબરઇલ અ૦ એટલું

રડયા કે, જેવી રીતે કોઇ ઓરતનું બચ્ચું મરી જાય છે અને રડે છે તેવી રીતે રડયા.

૧૨—મનકુલ છે કે જયારે હ૦ આદમ અ૦ ખુદાના હુકમથી જમીન ઉપર આવ્યા અને બીબી હવાંની તલબમાં હરએક ઠેકાણે જંગલમાં અને બીયાબાનમાં ફરતા હતા. નાગાહ એક દીવસ તેમનો ગુઝર જમીને કરબલા ઉપર થયો અને ઇમામ હુસેન અ૦ ના કતલ થવાની જગ્યા ઉપર પહોંચ્યા, તો અચાનક તેમનો પગ એક પથરા સાથે અથડાયો અને પગમાંથી લોહી જારી થયું. ત્યારે હ૦ આદમ અ૦ મેં પોતાનું માથું આસમાન તરફ બુલંદ કરીને અરઝ કરી અય, ખુદાવદા! હું તમામ જંગલો બીયાબાનમાં ફર્યો; લયકીન જેટલો રંજ અને ગમ મને આએ જમીન ઉપરે પહોંચ્યો, એવો રંજ અને સદમો કોઇ ઠેકાણે મારા પર ગાલીબ થયો નથી. હક તઆલાએ વહી નાઝીલ કરી કે, અય આદમ! તને ખબર નથી કે આએ જમીન પાક છે. જેની ઉપરે હ૦ મહમદ મુસતફા સ૦ નો નવાસો શહીદ થશે. માટે અમોએ ચાહ્યું કે તમો પણ તેના ગમ અને મુશીબતમાં શરીક થાઓ અને તમારૂં લોહી પણ આ જમીન ઉપર પડે. હ૦ આદમ અ૦ મેં ફરમાવ્યું કે; બારે ખુદાયા! એ મઝલુમને કોણ કતલ કરશે? વહી નાઝીલ થઇ કે, તેના કાતીલનું નામ યઝીદ છે. ત્યારે હ૦ આદમ અ૦ મેં યઝીદની તમામ કયફીયત તફસીલવાર દરયાફ્ત કરી અને ઘણીજ દીલગીરી સાથે રડયા. અને એક-

રારી કરતા રહ્યા. તે પછી એ જનાબે ઉપરા ઉપરી ઘણીજ વખતે યઝીદના હકમાં બદદોઆ કરીને લાઅનત તથા નફરીન કરી.

૧૩— મનકુલ છે કે જયારે તુફાનની વખત નુહ નબી અ૦ કીશતી ઉપર સવાર થયા અને કીશતી તમામ શહેરોમાં ફરીને જયારે કરબલાની જમીન પર પહોંચી; ત્યારે તેને એવું તોફાન લાગ્યું કે, નજદીક હતું કે તે ગરક થઇ જાય. હ૦ નુહ અ૦ મેં અરઝ કરી કે, અય ખુદાવંદા! મને અને કીશતીને જે પ્રમાણે આ જગ્યાએ સદમો પહોચ્યો છે, તેવો સદમો કોઇ ઠેકાણે પહોંચ્યો નથી. ખુદાવંદતઆલાએ તેઓ ઉપર વહી નાઝીલ કરી કે, અય નુહ! આજે એ જમીને પાક છે કે; જેની ઉપર જનાબે મોહંમદ મુસતફા સ૦ નો ફરજંદ શહીદ થશે. તેના કાતીલનું નામ યઝીદ છે. એ સાંભળીને હ૦ નુહ અ૦ ઇમામ હુસેન અ૦ ની મુસીબત ઉપર રડયા અને યઝીદ ઉપર નફરીન અને લાઅનત કરી.

૧૪—અને જયારે હ૦ ઇબ્રાહીમ અ૦ કરબલાની જમીન ઉપરે વારીદ થયા તો, એમના ઘોડાનો પગ લચકી ગયો તેથી હ૦ ઇબ્રાહીમ જમીન ઉપરે પડી ગયા અને તેમનું માથું એક પથરા સાથે અફળાયું અને તેમાંથી ખુન જારી થયું. હ૦ ઇબ્રાહીમે અરઝ કરી બારે ખુદાયા! મારાથી શું કસુર થયો કે, જેના બદલામાં મને આએ સઝા મળી, તો જીબરઇલ નાઝીલ થયા અને બયાન કર્યું કે: તમારાથી કોઈ ખતા થઇ

નથી. મગર આ એ જમીન એ છે કે, જે ઉપરે ખાતેમુલ મુર-સલીનનો ફરજંદ શહીદ થશે. માટે ખુદાએ ચાહયું કે; તમો પણ તેમની મુસીબતમાં શરીક થાઓ. હ૦ ઇબ્રાહીમે કાતીલનું નામ પુછયું; તો જીબરઇલે કહ્યું કે, કાતીલનું નામ યઝીદ છે. તો હઝરત ઇબ્રાહીમ સાંભળીને બહુજ રડયા, અને ઇમામ હુસેન અ૦ ના કાતીલ ઉપરે લાઅનત કરી.

૧૫—મનકુલ છે કે એક રોજ કોહે તુર ઉપરે હ૦ મુસા અ૦ ખુદાની જનાબમાં મુનાજાત કરતાહતા. તેદરમ્યાન અરઝ કરી. અય ખુદાવંદા! શું સબબ છે કે હ૦ મોહમ્મદની ઉમ્મતને તમામ પેશતરના પયગમ્બરોની ઉમ્મત ઉપર ફઝીલત આપી છે? જનાબે બારીતઆલાએ ફરમાયું કે, દશ ખસલતોના સબબથી; ઉમ્મતે મોહમ્મદીને બીજી ઉમ્મતોની ઉપર ફઝીલત આપી છે. હ૦ મુસાએ અરઝ કરી કે અગર હું એ ખસલતોથી વાકેફ થાઉં તો, બની ઇસરાઇલને પણ તઆલીમ કરૂં. ખુદાની જાનીબથી પણ ખીતાબ થયો કે, અય મુસા એ દસ ખસલતોમાંથી પહેલી પાંચ વખતની નમાઝ, બીજી ઝકાત, ત્રીજી રોઝા માહે રમઝાનના, ચોથી હજ, પાંચમી જહાદ, છઠી નમાઝે જુમઆ, સાતમી નમાઝે જમાઅત, આઠમી કુરઆનની તીલાવત, નવમી ઈલમે ફીકાહ, દસમી આશુરા મુસા અ૦ મે અરઝ કરી કે, ખુદાવંદા નવ ખસલતોથી તો વાકેફ થયો; લેકીન દસમી ખસલત આશુરા કોને કહે છે? ખીતાબ થયો કે આશુરાથી મુરાદ એ છે કે, મોહમ્મદ મુસતફા સ૦

ના ફરજંદના માતમ અને ગમમાં રોવું તથા રોવરાવવું. અય મુસા જે શખસની આંખુમાંથી આશુરાના દીવસોમાં રસુલુલ્લાહના ફરજંદના ગમ અને માતમમાં મચ્છરનાં પાંખની બરાબર આંસુ નીકળશે, તો તેને સો શહીદોનો સવાબ અતા કરીશ. એ સાંભળીને હ૦ મુસા અ૦ બહુજ રડયા.

૧૬—કીતાબ નામે સોરૂરીલ મોઅમેનીનમેં લીખા હય કે; ફરમાયા જનાબે બારીને "કાલલ્લાહો તઆલા ફીલ કુરઆનીલ મજીદે વમા મીન શયઇન ઇલ્લા યો સબ્બેહો બે હમદેહી" યાઅને હક્તઆલાને કુરઆને મજીદમેં ફરમાયા કે "નહીં હૈ કોઇ ચીજ અયસી કે જો તસબીહ ન કરતી હો; હરચીઝ ખુદાએ તઆલાકી તસબીહ ઔર તકદીસ કરતી હૈ."

ચુનાંચે ઇસ આયતકી તફસીરમેં લીખા હે કે; તસબીહ હર ચીજકી ઇમામે હુસેન અ૦ કી મુસીબત પર રોના હય; ગરજ કે કોઇ ચીજ અયસી નહી હૈ કે; જનાબે સયદુશ શોહદા કે ગમસે ખાલી હો. ઔર કોઇ મકામ ઐસા નહી હૈ કે, જનાબે મઝલુમે કરબલા કે ગમસે ખાલી હો. ઔર કોઇ મકામ અયસા નહી કે, જહાં યે માતમ બરપા ન હો; જયસા કે જનાબે સાહેબુલ અસર (બારવેં ઇમામ) અ૦ ફરમાતે હેં "અકીમત લકલ માતમો ફી આઅલા ઇલ્લીયીન વક્ષતમા અલયકા હુરૂલ અએન."

યાઅને કે; જદદે બુઝરગવાર, આપ અયસે તીશનએ તેગે જફા હેં કે, આપકી માતમદારી ઓર સોગવારીમેં આલાએ ઇલ્લીયીન (જન્નતમેં રેહનેવાલે) મસરૂફ હંય ઓર તમામ હુરૂલ ઈન (જન્નતકી હુરાં) આપકી મુસીબત સુન કર બોહોત રોતી હંય ઓર અપને મુહપર તમાચે મારતી હેં.

૧૭—જનાબે રસુલે ખુદા સ૦ ફરમાતે હંય કે, શબે મે. અરાજ જબ જન્નતમેં દાખીલ હુવા. જીબરઇલ અમીનને મુજે બેહીસ્તકા એક સેબ દીયા. જબ મેને ઉસ સેબકો શીગાફતા કીયા તો, ઉસમેંસે એક હુરયા પએદા હુઇ ઓર ઉસકે રૂખસારૂ પર આંસુ જારી થે. "કુલતો લેમન અનતે બકત, કાલત લે ઇબનેકલ મઝલુમીલ હુસયન નીશ શહીદ."

યેહ દેખકર હઝરતને પુછા; કે તું કીસકે વાસતે રોતી હય? અરઝ કી ઉસને કે, મેં આપકે નવાસે હુસેને બેકસકી મુસીબત પર રોતી હું.

૧૮—ફી બેહારીલ અનવારે અનનસ સાદીક અ૦ "એઝ અહલ્લાહુ હીલાલ આશુરા ઇશતદદા હુઝનોહુ વઅઝોમા બુકાઓહુ અલા મસાબીલ હુસેન અ૦" યાઅને બેહારૂલ અનવારમેં મનકુલ હય કે; જબ હ૦ ઈમામ જાફરે સાદેક અ૦ મોહરમકા ચાંદ દેખતે થે, તો ઉસવકત ઇમામ હુસેન અ૦ કે મસાઇબ યાદ કરકે, નીહાયત હુઝનો મલાલસે રોયા કર-

તેથે ઓર ઉસવકત અસહાબ વશીઓ ઉન હઝરતકી ખીદમ તમેં, બરસમેં તાઅઝીયત ઓર અઝાદારી માતમ પુરસી કે, હાજીર હોતેથે ઓર હમરાહ ઉન હઝરત કે રોતેથે. ઓર નવહાં કઝારી કરતેથે.

૧૯—બેહારૂલ અનવારમેં લીખા હય કે, સયદ અલી હુસયની કેહતે હંય કે એક જમાઅતે મોઅમીન કે સાથ મશહદે મુકદસે હઝરત ઇમામે રઝા અ૦ કા મુજાવીરથી. પસ જબ મોહરમ હુવા તો રોઝે આશુરા હમારે રફીકોમેંસે એક શખસને ઇમામ હુસેન અ૦ કી શહાદત ઓર મસાઇબકા પડના શુરૂઅ કીઆ. ઓર ઇમામે મહમદ બાકીર અ૦ સે ઇસ હદીસકો નકલ કીયા હય કે, ફરમાયા ઉન હઝરતને "મન ઝરફત અએનાહો અલા મોસાબીલ હુસયન અ૦ વલવકાના મસ્લ જનાહિલ્લે બઉઝતે ગફરલ્લલ્લાહો જોનુ બહુ વલવકાનત મીસલ ઝબદીલ બેહરે" યાઅને જો મોઅમીન રોએ મસાએબે ઇમામ હુસેન અ૦ પર, ઓર આંખસે ઉસકી આંસુ નીકલે, અગરચે બરાબર પરે પશ્શા હો તો, ખુદાવંદે ગફફાર તમામ ગુનાહ ઉસકે બખ્શ દેતા હય અગરચે ઉસકે ગુનાહ મીસલે કફે દરયા હો.

ઉપર લખેલી માતમદારી કરવાની હદીસો ઉપરાંત હજારો હદીસો, જે રસુલે ખુદા સ૦ થી છેક ઇમામે જાઅફરે સાદેક અ૦ ની ખાસ ઇમામે હુસેન અ૦ ના માતમદારી કરવા માટે

તેમના ગમમાં રોવા માટેની સુન્ની અને શીઆહઓની કીતાબોમાં આજ દીન સુધી દીઠામાં આવે છે. ઉપરાંત કુરઆને શરીફમાં પણ ઇમામે હુસેન અ૦ ઉપરે જમીન આસમાન રોયા છે. જેની વીગતો પણ તવારીખોમાં મવજુદ છે. આ શું જમાનાના ખારજીઓની કોશીશથી જુઠી કરવાની છે? ઇમામોમાં ચોથા ઇમામ ઝયનુલ આબેદીન અ૦ મેં તો પોતાના મઝલુમ પીતા હુસેન અ૦ અને પોતાના સગા વહાલાઓ, ભાઇઓ તથા અસ્હાબોના શહીદ થયા ખાતર તેમના ગમમાં આખી ઉમર રડવામાં વાળી, તે શું જમાનાના મુનાફેકો ખોટું ઠરાવી શકશે?

આ ઠેકાણે હનફી મઝહબવાળા શાહ કાદરીએ કહેલા શેઅરો મ'૦ ઉનાવાળાનો મગજ ઠેકાણે લાવવા કામ લાગશે.

એહતેમામે ગમે જનાબે હઝરતે શબ્બીરકો
કોઝુલ કેહતે હંય હસદસે સખ્ત તુમ બે પીર હો
ગર હુસેન ઇબ્ને અલી હોતે જહાંમેં બે ગુમાં
કત્લ કરતે ઉન્કો ફીર યેહ ઝુરીયાતે કુફીયાં
ઇન હેદામેં તાઝીયેમેં હય બેજા હમલા કુનાં
તા ઝમાનેસે મીટાવેં ઉન્કા કુલ નામો નીશાં

એટલે ઇમામે હુસેન અ૦ નો ગમ જાહેર કરવાના સાધનને એ હસદખોરો હસદથી નકામું કહે છે (મી૦ ઉનાવાળા જેવા) ઇમામ હુસેન અ૦ આ વખતે હતે તો, ખરેખર આ કુફીઓની અવલાદ તેઓને બીજી વખત શહીદ કરતે. અઝાદારીને નાબુદ:

કરવા જે સખ્ત હુમલા કરે છે, તેથી તેઓનો મતલબ ઈમામનું નામ અને નીશાન અને યાદગીરી મટાડવાનું છે.

મી૦ ઉનાવાળા! હવે ધડ પુંછડા વિનાની વાતો લખી લખી, લોકોને ફાંસલામાં લેવાનો વખત વિનાઇ ગયો છે. વહેમ ભરી વાતો દેશનીકાલ થવા માંડી છે. સ્વાર્થીઓની કપટ જાળથી લોકો જાણીતા થતા ચાલ્યા છે. ઇતિહાસ તથા મઝહબી શાસ્ત્રના કીર્ણો લોકોના મગજોમાં પહોંચતા જાય છે અને જે જે લોકો (ઇસમાઇલી લેખકો) એ લોકોને ઉંધે મારગે ચડાવ્યા હતા, તેઓ હવે પોતાની ભુલથી ખબરદાર થઇ જઇ, હક માર્ગ પર આવવા લાગ્યા છે. વળી તમો જે નવીન પ્રકારની ફીલસુફી ધારણ કરી બહાર નીકળ્યા છો, તે હવે કોઇને ગળે ઉતરે તેમ નથી. કેમકે અઝાદારી બંધ કરવાનો પ્રયાસ તમારા જેવા ઘણા ફાંફાં મારી ગયા છે; પરંતુ તેઓ સરવે ધુળ ચાટતા થઇ ગયા છે અને અઝાદારી જેવીને તેવીજ ચાલી આવે છે. માટે પોતાના આત્મા પર રહેમ ખાઇ, આ કુદરતી રચનામાં હાથ નાંખવો તજી આપો તો ઘણું સારૂં છે, નહીં તો પાછળનું પસ્તાવું કાંઇપણ કામ નહીં આવે.

ન બીનદ મુદ્દઇ જુઝ ખેશ તનરા
કે દારદ પરદએ પીન્દાર દર પીશ

એટલે—તું તારા સ્વાર્થ વીના બીજું કાંઇ જોતાજ નથી. કેમકે તું અક્કલનો પરદો પછવાડે રાખે છે. પોતાના લાભ માટે અક્કલ પર પરદો નાંખી આપે છે.

મી૦ ઉનાવાળાની ચીંથરેહાલ દલીલો.

મરહુમ મવલાના સઇયદ મોહમદ મુરતઝા જોનપુરીની રચેલી કીતાબ નામે "ઇરલાહુર રૂસુમ બકલા મીઘ માઅસુમ" માં આવેલી હદીસો ટાંકીને મી૦ ઉનાવાળાએ સીદ્ધ કરવા માગ્યું છે કે, ઇસનાઅશરીઓ, જે ગમે હુસેન કરે છે, તે ફોકટનું છે અને ખુદા વ રસુલના ફરમાનોથી વીરૂદ્ધ છે. એ સીવાય મુજતેહેદો તથા આલેમોને "નમૃ અરજ" કરી છે કે, મજકુર હદીસોથી જે રડવા કુટવાનું દીઠામાં આવે છે તેથી મોહરમમમાં રોવું અને કાળાં કપડાં પહેરવાં એ ખીલાફે હુકમો ખુદા વ રસુલ છે કે નહીં તે સાબીત કરી આપવું. વી. વી. "મુશકેલાત" ના કર્તાએ પોતાની પાલીસી વાપરી છે.

ખરેખર આ સુધરેલા જમાનામાં ખારજી આન્દોલનો ધોળે દીવસે પબલીકને ઉંધે રસ્તે દોરવાની અને અસત્ય ખોટી શંકાઓ ઉત્પન્ન કરી ઇમાનદારોને ભમાવવાની કોશેશ કરે છે.

શીઆ ઇસ્નાઅશરી મઝહબની વાત એક કોરે મુકતાં, શીઆ પંથના સઘળા ફીરકાઓ ઇમામે અ૦ ના પોતાના ઇમામ તરીકેની મઝલુમીયત યાદ કરી, તેમનું માતમ કરી, તેમની પવીત્ર યાદગીરી જાળવવામાં પોતાની દીન અને દુન્યાની ભલાઇ તથા

ફરજ માને છે, એટલુંજ નહીં પરંતુ સુન્નીઓ પણ એ મઝલુમની માતમદારીમાં ભાગ લેવાને ચુકતા નથી, બલકે જગતના ચાલીસ કરોડ ઇસલામીઓ લગભગ ઘણા મળતાપણા સાથે તે મઝલુમની અઝાદારી કરતા ચુકતા નથી.

પરંતુ મી૦ ઉનાવાળા પોતાને શીઆ પંથનો એક પૈરવ માની નવીન ફીલસુફી ધારણ કરી હુસયની માતમને બેહુદું ઠરાવવા કોશીશ કરે છે, પરંતુ એ બનાવ તેઓ માટે એવો તો શરમ ઉપજાવનારો છે કે, જેને લઇ સમગ્ર કોમને નીચું જોવું પડે છે. મી૦ઉનાવાળાએ ઈમાનદારોને ભરમાવવા અને પબલીકને છેતરવાની જાહેર કોશીશ કરી છે. કેમકે પેમ્ફલેટમાં મોલવી સાહેબ જોનપુરીની રચેલી કીતાબમાંથી હદીસો રોવાની મનાઇ કરવાની ટાંકી છે. તેજ હદીસોની પાછળ તેજ લીટીમાં મજકુર મોલવીએ જે ખુલાસો કર્યો છે તે ઉડાવી નાખી તેને છાપેલ નથી. જેથી ખુલી રીતે સમજી શકાય છે કે, મી૦ ઉનાવાળાનો વીચાર, હકની તહકીક કરવાનો નહોતો; માત્ર નિર્બળ અને પાયા વીનાની શંકાઓ ઉભી કરી પબલીકને ભુલભુઈઆં ખવરાવવાનો વીચાર હોઇને માતમે હુસેનીને અટકાવવાનો પ્રયત્ન કર્યો છે.

મોલવી સાહેબે મજકુર કીતાબમાં રડવાની મનાઇની હદીસો લખી છે અને તે પછી જે ખુલાસો આપ્યો છે, તેનો ખુલાસો વીગતવાર જંગબારવાળા હામીએ ઇસલામ મી૦ ગુલામહુસેન ભાઇએ બાગેનજાત ઠી. ૧૩ઢીસ્સો ૭–૮ માં આપી મી૦ ઉનાવાળા-

ના ઢાલની પોલ ખોલી બતાવી છે તે માટે ફરીથી અત્રે વીવેચન કરી વાંચનારને કંટાળો આપવા માગતા નથી આ રીસાલો લખવાનો હેતુ એજ કે, મી૦ ઉનાવાળાએ માતમે હુસેનીને ખીલાફે હુકમે રસુલ વી૦ લખીને પોતાની જે સફાઇ વાપરી છે તે અમો ઉપર બતાવી ચુકયા છીએ કે અઝાદારીએ હુસયન, તે ખીલાફે હુકમે ખુદા વ રસુલ નથી; બલકે તે મજલુમની અઝાદારી નબીઓ અને ઇમામો તરફથી હુકમ હોઇને, તે માઅસુમો પણ અઝાદારી કરી ગયા છે જે માટે વધુ પુરાવાઓ હદીસોથી અમો નીચે દરજે કરીએ છીએ.

૨૦—કીતાબ જવાહરૂલ એહજાનમાં સૈયદ ઇબને તાઉસ અલયહીર રહેમાની રીવાયતથી સાબીત થાએ છે કે, જયારે જીબરઇલ અ૦ મે જનાબે રસુલે ખુદા સ૦ ને હ૦ ઇમામ હુસેન અ૦ ની શહાદતની ખબર આપી, ત્યારે જનાબે ફાતેમાહ ઝહરા અ૦ મે ખજુરીના ઝાડની બારીક છાલના બે અલમ બનાવ્યા અને તે ઉપરે માતમ તથા ગમ કર્યું, અને જનાબે રસુલે ખુદા સ૦ જનાબે ફાતેમાહના ઘરમાં ચાલીસ દીવસ સુધી તશરીફ લઇ ગયા અને બુકા અને રોવામાં શરીક થયા, અને દરરોજ ગમ કરતા હતા. બાઅદ જન્નતુલ ફીરદોસની ખારેકો જીબરઇલ પાસેથી મંગાવીને તકસીમ કરતા હતા.

ઉપલી હદીસથી ચેહલુમ સુધી હ૦ ઇમામ હુસેન અ૦ ની અઝાદારીની સનદ નીકલે છે. તો શીઆહ લોકોને લાઝીમ છે કે, હ૦ ઇમામ હુસેન અ૦ ની અઝાદારીમાં મસરૂફ રહે.

૨૧—મજકુર કીતાબમાં લખે છે કે, જનાબે અમીરીલ મોઅમેનીન અ૦ મેં એજ ગમમાં બે વખત પોતાના હાથ માથા મુબારક ઉપરે માર્યા હતા, અને જનાબે ઉમ્મે સલમાએ પોતાના પવીત્ર ગાલો ઉપરે બારહા તમાચા મારેલ છે અને જનાબે રસુલે ખુદા સ૦ મે તેઓને મનાઇ કરી નથી અને પોતે પણ રડવામાં સામેલ હતા.

૨૨—ઉપલી હદીસોની સનદ લેતાં સીદ્ધ થાએ છે કે જનાબે ફાતેમાહ ઝહરાએ છાતી પીટતા હતા. અને જનાબે ઝયનબ તથા જનાબે ઉમ્મે કુલ્લસુલ્લ તથા જનાબે ઉમ્મે સલ્લમાએ અને ઉમ્મે અયમ ા અ૦ રોતે રોતે ગશ થઇ જતાં હતાં.

૨૩—કીતાબે નુરૂલએન ફી મશહદીલ હુસેન કે જે સુન્નત વલ જમાઅતના એક જબરદસ્ત આલીમે લખી છે. તેમાં લખ્યું છે કે, જયારે યઝીદે દમીશ્કમાં અહલેબયત અ૦ માટે મજલીસ કરવા એક મકાન ખાલી કરાવી આપ્યું ત્યારે બરાબર આઠ દીવસ સુધી મજલીસ કરીને બીબીઓએ પોતાની કમરો મજબુત બાંધીને માતમ કર્યું હતું. અને ઇમામ ઝયનુલ આબેરીન અ૦ પણ શામેલ હતા.

૨૪—અને બાઅઝે રીવાયતમાં છે કે, જનાબે ઝયનબ અ૦ જનાબે અલીઅકબર અ૦ ની લાશ ઉપર ગયા અને પોતાના માથાના વાળ તોડી નાંખ્યા અને ઇમામ ઝયનુલ આબેદીન અ૦ હાજર હતા; છતાં કાંઇ પણ બોલ્યા નહીં.

૨૫—અને "ઝીયારતે નાહીયા" કે જે મશહુર છે અને બારવાં ઇમામે ફરમાવેલ છે અને તેમાં કેટલાક ફકરા એવા છે કે; તેથી પણ માતમ કરવું સાબીત થાએ છે, જેમકે બે ફકરામાં છે કે "એ બીબીઓ પોતાના મોઢા ઉપર તમાચ મારતીઓ હતી અને છાતીઓને ઝખ્મી કરતી હતી."

૨૬—તેમજ બાઅઝે રીવાયતમાં છે કે હ૦ ઇમામે હુસેન અ૦ ની બીબી રબાબ બીન્તે ઉમરઉલ કૈસે પોતાના વાળ ખયમાના થાંભલા સાંથે બાંધીને એટલું માતમ કર્યું કે, વાળ તુટી ગયા. તોએ બીબી ઇમામની ખીદમતમાં રહેલી અને શરાના પાબંદ હતા, તો તેઓથી શરાઅથી ખીલાફ થવું મુશકેલ છે.

મી૦ ઉનાવાળા! જો તમે ઇસલામીનો દાવો તજી ન આપો તો, ઉપલી દલીલો હદીસો—આયતો તમારા અસત્ય વિચારોના પોકળને ઘણીજ સફાઇથી ખોલે છે. તમોને એક ઇસલામી બીરાદર તરીકે, પણ તમારી ભુલ બતાવી આપવાને અમો અમારી ફરજ સમજીએ છીએ.

મી૦ ઉનાવાળા! જો તમો જોવાવાળી આંખોને, સાંભળ-નારા કાનોને અને વિચારવાવાળા અંતકરણને ત્રણ તલાક ન આપો તો, તમોને હઝરત ઇમામ હુસેન અ૦ ની અઝાદારી બંધ કરાવવાના તમારા વીચારો બદલવાને તથા તમારો ગફ્-લતની આંખ ખોલવાને ઉપરના દાખલા પુરતા છે.

મી૦ ઉનાવાળા! તમોએ મુશકેલાત નામની ચોપડી તો પ્રગટ કરી અને હઝરત ઇમામ હુસેન અ૦ ની અઝાદારી બંધ કરાવવાનો પ્રયાસ તો કર્યો; પરંતુ તમારા વિચારોની સ્થિતિ પેંદા વિનાના ઘડા જેવી હોવાનું સર્વેને જણાઇ આવ્યું છે. તમારા લખાણથી સીદ્ધ થાએ છે કે તમોએ શંકા રજુ કરવાના આવેશમાં જેમ આવે તેમ લખી નાખ્યું; પરંતુ જે માણસ આવી જગ જાહેર વાતને ખંડન કરવા બાહેર પડે તેણે પ્રથમ ચોકસાઇથી પોતાની સજ્જડ દલીલો સાથ બાહેર પડવું જોઇએ.

પરંતુ અસત્યના પુજારી; તે સત્ય દલીલો લાવે કયાંથી? ખરી બીનાને જાહેર કરી આપે તો તેઓના મલીન સ્વાર્થને ઘણો ધકો પહોંચે. તેઓ તો ફક્ત ધર્મના ઓઠાં તળે અંધારાનો લાભ લેવા માગતા હોય છે. જ્ઞાનીઓ અને સત્ય શોધકોની હાજરીમાં બાપડા કાળા અક્ષરને કુટી મારનારા ફાવતા નથી ત્યારે નવીન ફીલસુફી ધારણ કરી ઇમામ હુસેન અ૦ ની અઝાદારી બંધ કરાવવાના હેતુથી પાયા વીનાની શંકાઓ રજુ કરવા શીવાય તેઓથી વધારે કાંઇ બની શક્યું નથી.

મી૦ ઉનાવાળા! તમે પોતાની અજ્ઞાનતાને નહિ સમજી શકતાં, પોત પોતાની મેળેજ તીસમારખાં બની જઇ, ઇમામ હુસેન અ૦ ની અઝાદારી બંધ કરાવવાનો પ્રયાસ કરતાં મેદાનમાં નીકળ્યા છો; પરંતુ ઉપર જણાવેલી સાબેતીઓ પ્રમાણે અમો તમોને જણાવીએ છીએ કેઃ—

ગર ન બીનદ શપ્પર ખરોઝે ચશ્મ
ચશ્મએ આફતાબ રાચે ગુનાહ.

એટલે—જો ચામા ચીડીઉં દીવસના ભાગમાં સુર્યને ન જોઇ શકે તો, તેમાં સુર્યનો શો વાક?!

અર્થાત, જો તમારી નિર્બળ ચક્ષુઓ દીવસનો સર્વ વ્યાપક પ્રકાશ નથી જોઇ શકતી, તો એમ તો નહિજ કહો કે, જગતમાં અંધારૂં છે. આ તમારી નિસ્તેજ, બલ્કે અંધારા તરફ દોરી લઇ જનારી, પાયા વિનાની શંકાઓ (અઝાદારી પ્રત્યે) સુર્યના પ્રકાશને (ઇમામ હુસેન અ૦ ની અઝાદારીને) કાંઈ પણ ઘટાડી શકતી તથી.

કોઇ પણ મનુષ્યને શુદ્ધ દાનતથી પોતાના વિચારો જણાવવાનો અને બીજાના જે વિચારો તેને ભુલ ભરેલા લાગતા હોય તેની ભુલો બતાવવાનો હક છે અને આ હક સઘળા ધર્મના લોકો ભોગવતા જોવામાં આવે છે.

પરંતુ મી૦ ઉનાવાળાએ ઇમામ હુસેન અ૦ ની અઝાદારીને તોડી પાડવાના હેતુથી "ખુદા વ રસુલના હુકમની વીરૂધ" જણાવી પાયા વિનાની શંકાઓ રજુ કરી હંસી કાઢવા લાયક અને બુધ્ધીને લાંચ્છન લગાડનારી હકીકત રજુ કરવાં અગાઉજરા વીચાર કર્યો હોય તો તેમના માટે શોભા ભરેલું હતું.

મી૦ ઉનાવાળાએ કીતાબોમાંથી હદીસોનો નિરર્થક આધાર લીધેલો છે. હદીસોમાં ઠેકાણે ઠેકાણે અઝાદારીનો ઉપદેશ લખેલો છે; પરંતુ તેઓએ આગળ પાછળના સબંધને તજી દઈ; પોતાના મતને પુષ્ટી આપવાના હેતુથી વચગાળેનાં અધુરા તથા ઉલટા કરી નખાય તેવા ફકરાઓ હાથ ધરી ન્યાય નીતિને લાત મારી અને લોકોને ભુલ થાપ ખવડાવે તેવા ફકરાઓ રજુ કરી તાગડધીન્ના કરવા લાગી ગયા; પરંતુ પોતાના આધારોને તેવી પ્રપંચ ભરી રીતે રજુ કરવામાં તેમનો હેતુ અઝાદારી પ્રત્યે શંકાશીલ કરવાનો અને તેમ કરી પબ્લીકની આંખે પટ્ટી બાંધી ધોખો આપનો હતો, લેકીન અઝાદારીના હીમાયતીઓએ તેમનું સફેદ જુઠાણું ખુલ્લું કરીને તેમની પોકળતા પબ્લીકને બતાવી આપી છે, એટલુંજ નહી પણ સાથે અઝાદારીના રાહ રસમો પણ હદીસોથી સાબીત કરી આપી છે. પરંતુ મી૦ ઉનાવાળાની આવી ઇસલામ વિરૂદ્ધની હીલચાલ કાંઇ ઓછા ગુનાહને પાત્ર નથી.

પૈરવી શૈતાનકી કરતેહો તુમ સુબ્હો મસા
શાહોં બીદઅત કરતેહો ડરતે નહિ હક્કસે ઝરા
મું દીખાઓગે ભલા તુમ કીસ તરેહ પેશે ખુદા
દીન્દારી દેખલી અય કોમ તેરી વાહવા
ઇસ લીએ ફોરસે તુમ્હે કહમાં પહડના ચાહીએ

મી૦ ઉનાવાળાની ગંભીર છેતરપંડી

મી૦ ઉનાવાળાએ મવલવી રૂમની તેમના "મસનવી" નામના ગ્રંથમાંથી કેટલાક શએરોનો ઉતારો આપ્યો છે; પરંતુ જેમ ઉપર જણાવ્યા પ્રમાણે કીતાબ નામે ઇસલાહર રોસુમમાં ઠેકાણે ઠેકાણે અઝાદારીનો અને રડવા કુટવાની હદીસો લખેલી છે; છતાં મી ઉનાવાળાએ પોતાના મતનેપુષ્ટી આપવા માટે તેમાંથી આજુબાજુનો સબંધ ઉડાવી દઇ વચગાળેના ફકરાઓ, કે જે લોકોને ભુલથાપ ખવડાવે તેવા હાથ ધરી, પાયા વિનાની શંકાઓ જાહેરમાં રૂજુ કરી છે તેવીજ રીતે મોલવી રૂમનો ઉતારો આપતાં પોતાના મતને પુષ્ટી આપે તેવા શેઅરો પબ્લીકનેભુલથાપ ખવરાવવા માટે આજુબાજુનો સબંધ ઉડાવી દઇને આપેલા છે. પરંતુ મી. ઉનાવાળાને અમે પુછીએ છીએ કે, મોલવી રૂમની કીતાબ "મસનવી" માં નીચે લખેલા અશઆર તમારી નજરે પડયા નથી કે જાણી બુજીને છુપાવ્યા છે.

ગદૃ આયદ મર્દો ઝન જમએ અઝીમ
માતમે આં ખાનદાં દારદ મુકીમ ૧
નશ મુરંદ આં ઝુલ્મ હા ઓ ઇમતેહાન
હઝ યઝીદે શીમ્ર દીદ આં ખાનદાન ૨

અજગરે વો નાઅરેહ્રા દર સર ગુઝશ્ત
બર હની કરદંદ દર સેહરા વ દશ્ત ૩

પેશે મોઅમીન માતમે આં પાક રૂહ
શહેરતર બસદ અ સદ તુફાને નુહ ૪

૨૭—એટલે તમામ મરદ અને ઓરતો મળીને મહા મોટો અફસોસ કરે છે કે, એ ખાનદાનમાં માતમદારીએ મુકામ કર્યો યઝીદ અને શીમ્ર વીગેરે ઝાલીમોનો ઝુલમ સહન કરવાની ઇમતેહાનમાં ઇમામ હુસેન અ૦ સીવાએ બીજો કોઇ પુરો પડી શકે નહીં એ મઝલુમની સર ગુજશ્તમાં ફરયાદ અને શોરના નાઅરાઓએ જંગલ બયાબાનને પણ દરહમ બરહમ કરી દીધા. એ પાક રૂહનો માતમ મોઅમીનની આગળ નુહ નબીના તુફાનથી પણ સેંકડો દરજ્જે વધારે છે.

કેમ મી૦ ઉનાવાળા! તમે જોઇ શકયા હશો કે, તમારા લખાણો અને વિચારો કેટલે દરજ્જે અસત્ય છે. ઉપલા દાખલાઓથી અમોને તો ખાત્રી છે કે, તમો તમારી ગરદન ઉંચી કરી શકશો નહીં. બાકી હઠ ધરમી અને ધર્માન્ધતા ભરી ઇમારત લખવી તે તો જેને ખુદાએ આપ્યા છે તે લખી શકે છે, પરંતુ સમજુ વર્ગ તેવી અઘટિત રીતભાતને ના પસંદ કરે છે અને ખુદ તેવા લખાણો કરનારનેજ તે વધુ નુકશાન કરે છે. જેનો અનુભવ તમારામાંના કેટલાક લેખકોને થઇ ગયો છે અને તમોને પણ થશે.

મી૦ ઉનાવાળાની પાલીસી.

મી૦ ઉનાવાળા પોતાના પેમ્ફલેટમાં "હજરત ઇમામે હુસેને કુટવા પીટવાની કરેલી સખ્ત મનાઈ" એ હેડીંગ નીચે રોઝતુશ્શોહદાની કીતાબમાંથી ઇમામે હુસેન અ૦ મેં કરેલી પોતાની બેન ઝયનબ અ. ને સબ્ર કરવા માટેની વસીયતની થોડીક શેઅરોની કડીઓ ટાંકી બતાવી એમ સીદ્ધ કરવાને નીકળે છે કે; માતમદારી અને રડવા માટે ઈમામ હુસેન અ. ખુદ મનાઇ કરી ગયા છે

મી૦ ઉનાવાળાએ આમાં કેટલીક સફાઇ વાપરી છે તે ઉપલી કીતાબ નામે રોજતુશ્શોહદા ખોલી જોવાથી તરત સમજી શકાય તેમ છે. કેમકે ઇમામ હુસેન અ૦ મેં બીબી ઝયનબ અ૦ ને જે સબ્રના કેલેમા કહ્યા છે તે મજકુર કીતાબમાં પાના ૧૪૨ અને મજલીસ ૯ મી છે. પરંતુ મજકુર કીતાબમાં તેજ મજલીસમાં અને તેજ પાનામાં મી૦ ઉનાવાળાએ વચમાંથી કેટલીક કડીઓ પોતાના ઉતારામાંથી કાઢી નાંખી છે અને પોતાના મતને પુષ્ટી આપવા માટે હ૦ ઇમામ હુસેન અ૦ મેં એહલેબએતને સબ્ર રૂપી જે થોડાક કલમાં કહ્યા છે તે ઉપરે પોતાના ઇમારતનો પાયો ચણ્યો છે, પરંતુ મી૦ ઉનાવાળાનું આ સફેદ જુઠાણું દફએ મુશકેલાતના કર્તા મી૦ મુસા જાફર મુમણે તે બરાબર ખુલાસાવાર બતાવી આપ્યું છે જેથી અત્રે પુનઃ વીવે-

ચનની કાંઈ જરૂર નથી. આ રીસાલો લખવાનો હેતુ આગળ જણાવ્યા મુજબ હજરત ઇમામે હુસેન અ૦ ની અઝાદારી સીદ્ધ કરી આપવાનો છે, એટલે નીચે થોડીક હદીસોનો ઉતારો આપી એ છીએ. કે જેથી મી૦ ઉનાવાળા જોઇ શકશે કે, ઇમામ હુસેન અ૦ ખુદ અઝાદારી કરવા ફરમાવી ગયા છે.

૨૮––મનકુલ છે કે હઝરત ઇમામ હુસેન અ૦ ખુદ ફરમાવે છે કે "અના કતીલુલ ઇબરત લા યુઝકરની મુઅમેનુન ઇ. લ્લાબુકા."

યાઅને હું તે કુશતએ ગીરયા અને ઝારી છું કે કોઇ મો-અમીન મારો ઝીકર નહીં કરે, પણ એ કે તે રડશે.

જનાબે મજલીસી અલયહીર રહમા લખે છે કે "કતીલુલ ઇબરત" ની બે માએના થાય છે. એક એકે હું ઇબરતની તરફ મનસુબ અને સબબે ગીરીયા છું એટલે જે મારો હાલ સાંભળશે તે બેસક રડશે.

બીજું એ કે હું ગીરીયા અને બુકાની સાથ કત્લ થયો છું યાઅને સવારથી બે પહોર સુધી જાલીમોએ મને રોવરાવી રો-વરાવીને કત્લ કર્યો છે કયારેક દોસ્તો અને અઝીઝોની લાસો ઉપર રોવરાવ્યો છે અને કયારેક પાણી બંધ કરીને શીદ્દતે અતશથી, મારા બચ્ચાનું તડપવું દેખાડીને મને રોવરાવ્યો છે.

૨૯—અને સાહેબ મજાલીસુલ અવલીઆહ લખે છે કે ઇમામ હુસેન અ૦ મેં ફરમાવ્યું કે હું, તે કુશતએ ગીરીયા અને ઝારી છું કે, મારા કત્લ થવાની પહેલે મારો હાલ સાંભળીને અંબીયાએ મુતકદ્દમીન અને ગીરોહે મુરસલીન અને મારા જદ્દે બુઝરગવાર ખાતેમુન નબીયીન અને મારા પીદરે બુઝરગવાર એટલું રોયા છે કે, ગોયા હું તેની આંખોની સામે શહીદ થઇ ચુક્યો હતો ત્યારે મારી શહાદતની બાદ જે મોઅમનીન મારી મુસીબતોનો હાલ સાંભળશે તે કેમ કરી નહી રૂએ? બીજું એ કે હું તે મકતુલે મઅલ્લ ઇબરત છું કે, કાતીલ પણ મારા ઉપર રોયો છે.

ઉપર મુજબ સેંકડો હદીસો અને દાખલાઓ તવારીખોમાંથી મળી શકે તેમ છે. પરંતુ મી૦ ઉનાવાળાએ પોતાનો સ્વાર્થ કુટી કાઢવા માટે જ્યારે બીજા અખતરાઓમાં નિષ્ફળ ગયા ત્યારે હજરત ઇમામ હુસેન અ૦ ની અઝાદારી, જે આજથી સેંકડો વરસથી ચાલતી આવી છે, તેની ખોદણી તથા વિરૂદ્ધતા કરવાનું મહાન ગુનાહનું કામ હાથ ધર્યું.

ઇમામ હુસેન અ૦ ની શહાદતથીજ આજ સુધી ઇસલામ ટકી રહ્યું છે એ વાત સર્વ માન્ય છે તો પછી એ મઝલુમની અઝાદારી બંધ કરાવવા ઇચ્છનારાઓ બેશક તેઓ હઝરતે પયગમ્બરે ખુદા સ૦ ના કટ્ટા દુશ્મનો છે. આવું કહેવામાં અમો લેશ માત્ર પણ અતિશયોક્તિ જેવું માનતા નથી.

હુસેન અ૦ ના દુશમનો હુસેન અ૦ ઉપરે પડેલાં દુખો ઉપરે

રાજી થનારાઓ અને આશુરાને દહાડાને બરકતનો દીવસ સમજનારા અને સમજાવનારાઓ ખુદાના દુશમનો છે એમાં લેશ માત્ર પણ અતિશયોક્તિ જેવું નથી.

ઉપર મુજબ અમો હદીસો અને કુરઆને શરીફની આયાતોથી સાબીત કરી ચુકયા છીએ કે, ઇમામ હુસેન અ૦ ની હૃદયદ્રાવક મુસીબત ઉપરે જંગલના જાનવરો, દરયાની માછલીઓ, હવામાં ઉડતા પક્ષીઓ, સુર્ય, ચંદ્ર, તારાઓ, ગ્રહો, આસમાન, મોઅમીન મનુષ્યો અને હઝરત રસુલે ખુદા સ૦ ની પહેલે થઇ ગએલા નબીઓ રડયા છે.

પવિત્ર માઅસુમો, કે જેમના કાર્યો અને વચનો ભુલ રહિત હતા અને તેમના વચનોપર દીનદારીની ઇમારત રચાયલી છે. જો તમો આયાતો અને હદીસોના પ્રકારો અને વિભાગો તરફ દ્રષ્ટી દોડાવશો, તો તમોને આ વાત બરાબર ગળે ઉતરશે.

મી૦ ઉનાવાળા! તમો તમારા ગીરેબાનમાં મુખ નાંખીને જરા વીચાર તો કરો કે, તમો તમારા પેમ્ફલેટમાં શું વદી રહ્યા છો! આવી સરે જાહેર વાતને ભુલભુલઇઆમાં નાખી ઉડાવવાનું તમોને તમારા જ્ઞાનદીપે કેમ ફરમાવ્યું તેનો તો જરા વીચાર કરો! શું તમો એક સેકંડ માટે પણ એમ કહી શકશો કે હઝરત ઇમામ હુસેન અ૦ ઉપર થઇ ગએલા પયગમ્બરો ઇમામો વી૦ રડયા નથી? શું એમ તવારીખોથી સાબીત કરી શકશો કે?

સુબહાનલ્લાહ! શું મામલો પલટાઇ ગયો છે કે; શરીતયને ખુલ્લી રીતે લાત મારનારા, નમાઝ, રોઝા, હજ, ઝકાત વીગેરે તરફ ચશ્મપોશી કરનારા અને કરાવનારા, શરીઅતથી ઉલટી રીતે વર્તનારા અને વરતાવનારા અને કાંઇપણ ખુદાનો, ખૌફ નહી રાખનારા અને જુઠાણામાં રચી પચી રહેલાઓ અને કુરઆને શરીફ કે હદીસ શરીફ નહિ જાણનારા અને નહી માનનારાઓ પણ આજે આ સુધારેલા જમાનામાં ધોળે દીવસે પબ્લીકને ઉંધે રસ્તે દોરવવાની અને અસત્ય શંકાઓ ઉભી કરી ઇમાનદારોને ભમાવવાની કોશીશ કરે છે.

અમો મી૦ ઉનાવાળાને પુછીએ છીએ કે; શું નામદાર આગાખાન શાહ હસનઅલીએ ખોજાઓને મજલીસો વી૦ કરવાનો ઉપદેશ કરેલ નથી! અને શું મોહરમમાં તેઓ પોતે માતમી લીબાસ પેહરી સીનાઝની કરતા નહતા? અને શું નામદાર આગાખાન શાહ અલીશાહ સાહેબ પણ એજ રીતે વરત્યા નથી? તમારે અઝાદારી બંધ કરાવવાની કોશેશ હાથમાં ધરતાં પહેલે ઉપલી બાબતોની તપાસ તો કરવી હતી કે, મજકુર સાહેબો કેવો માતમ કેવી સીનાઝની સાથે અઝાદારી કરતા હતા, તે નજરે જોનારાઓના પ્રત્યક્ષ પુરાવાઓ હજી પણ તમોને મળી શકે તેમ હતા; પરંતુ તમોને હકની તહકીક કયાં કરવાની હતી! તમોને તો માત્ર તે મઝલુમની અઝાદારીજ બંધ કરાવવાની હતી.

૩૦—આજથી ત્રીસ વરસ પહેલે આગા જંગીશાહ સાહેબ

તથા અકબરશાહ અને હાલના નામદાર આગાખાન સાહેબ અને તમામ ભાયાતો શબીહ (આશુરાની રાત્રે) ના વખતે મુંબઇમાં હસના બાગમાં ઇમામ હુસેન અ૦ ની અઝાદારી કરતા હતા.

ઉપલી હદીસો અને દાખલાઓથી મી૦ ઉનાવાળાને કાંઇક તો ખાત્રી થઇ હશે; પણ તેમના ઇમાન ઉપરે ચડી ગએલો કાટ નીચેના દાખલાથી તદન નાબુંદ થઇ જશે; કારણ કે ઇમામ હુસેન અ૦ નો તાજો મોઅજીઝો આજથી આઠ વ.સ પહેલે બનેલો છે.

૩૧—ઇમામ હુસેન અ૦ ની શહાદત માટે દરીયાઇ માણસોનો વિલાપ અને માતમ

એક તુરકી કેપટન જનરલ ડાકટરે નજરે જોયેલો બનાવ.

(સને ૧૯૧૨ એપ્રીલ તા. ૧૬ મીના "અખબારે ઇસલામ" ઉપરથી)

કેપટન જનરલ સલીમ સાહેબ, કે જે સુન્ની મઝહબના અને તુરકી ફોજના ડાકટર છે; તે એવું જણાવે છે કે, પહેલાં મારા દીલમાં એવો ખ્યાલ હતો કે મશીઅતે ઇલાહીમાં જનાબ ઇમામ હુસેન અ૦ નું કતલ જરૂરી ઠરી ચુકયું હતું. ત્યારપછી તેવું રંજો ગમ માતમ કરવું ફોકટનું છે (જેમ હમણા ખારજીઆના

દીલમાં ઉગી આવ્યું છે) પરંતુ એક બનાવથી મારો બીચાર બદલાઇ ગયો છે એ બનાવ એ છે કે જયારે હું રૂમમાં ફોજની સાથે હતો અને જે ફોજનો હું ડાકટર હતો, તેનાજ સબબથી મને સફર કરવો પડયો અને તે જમાનો મોહરમનો હતો. દસ્તુર ત્યાંનો એ હતો કે, આશુરાના દીવસે અરબોના વહાણો ત્રણ કલાક સુધી થોભાવવામાં આવતાં હતાં અને તેઓ સોગમાં રહેતા હતા હું જે વહાણપર ફોજની સાથે હતો; તે વહાણ પણ ઉપરની માફક થોભાવવામા આવ્યું હતું. તે જગાપર દરયાનો ભાગ સુકાઇ જઇને જમીન નજરે પડવા લાગી. મ્હેં જોયું કે, ઘણાક દરાઇ માણસો અત્યંત દીલગીરીની લાગણી સાથે જમા થએલા છે. આ લોકોને મારી સફરમાં બીજી જગ્યો ઉપરે મેં તેઓને જોયા છે. આ લોકો તદન માણસાઇ કદો કામતમાં જણાય છે; ફક્ત ફરક એટલોજ કે અંગમાં કમરથી કરીને જાનુ સુધી મોટા મોટા બાલો હોય છે. અને તેઓની સ્રીઓને સીના ઉપર પણ બાલો હોય છે, તેઓની જબાન સમજણમાં આવતી નથી વહાણોના મલ્લાહો, જેઓ લાંબા વખત સુધી તે જગ્યાની આસપાસ રહે છે. તેઓ તે જબાન સમજી શકે છે. મારા વહાણમાં પણ એક સરંગ હતો, જે તેઓની જબાન સમજી શકતો હતો. મેં તેને કહ્યું, તું જા અને તપાસ કર કે, આ લોકો આ જગ્યાપર એટલા બધા કાં જમા થયા છે, અને શું કરે છે. તે સરંગ કીશતીપર સ્વાર થઇને ત્યાં ગયો. તે લોકો તેને જોઇને દરીયામાં નાસવા લાગ્યા; પણ તેણે પુકારીને કહ્યું કે, અમો તમોને પકડવા માટે આવ્યા નથી;

પણ કંઇ પુછવું છે. આ સાંભળીને તે લોકો થોભ્યા. સરંગે પુછયું તમો લોકો અહીંયાં શું કરો છો અને શામાટે જમા થએલા છો? તેઓએ જવાબ આપ્યો કે અમો માતમ કરીએ છીએ. જયારે મેં આ સાંભળ્યું ત્યારે મારી અજબ હાલત થઇ. મેં વીચાર્યું કે, મારાથી તો આ જાનવરો હજાર દરજે બેહતર છે. તે વખતથી મારા મન ઉપરે ઊંડી અસર થવા પામી અને હું પોકે પોકે રડવા લાગ્યો.

આ બનાવ મજકુર ડાકટર સાહેબે કીબલએ કાબા મોલવી સઇયદ અહમદ સાહેબની સન્મુખ બયાન કીધો તે વખતે જનાબ અલી રઝા સાહેબ બહાદુર અને સઇયદ અલી અસગર સાહેબ અને બીજા કેટલાક માણુસો હાજર હતા.

અફસોસ આ ઝમાનાના ખારજીઓ; બલકે ઇસલામી દાયરાથી જુદા પડેલાઓ અઝાદારી વીરૂધ જોરશોરથી પ્રયાસ કરી રહ્યા છે. તેઓને આ ઉપરથી ધડો લેવાનો છે; કારણકે દરીયાના જંગલી પ્રાણીઓથી પણ હજાર દરજે નપાવટ થઇ ગયા છે; કેમકે દરીયાના જાનવરો પણ આકા ઇમામ હુસેન અ૦ ની અઝાદારી જોરશોરથી પાળે છે જયારે આ લોકો અઝાદારી પાળે નહી એ તો ઠીક; પરંતુ ઉલટો બંધ કરાવવાનો પ્રયાસ કરતા બાહેર નીકળી પડયા છે. તેઓ માટે મોલવી હનફી મઝહબવાળા શાહ અસનદ કહે છે કેઃ—

યેહ ઝઅમ ઉન્કા મહઝ ગલત ઔર ખ્યાલે ખામ હૈ
અઝાદારીકા હામી માલીકે ઇસ્લામ હૈ
મોઅમેનો ખે ફાયદા ઈન્સે હય કરના ગુફતગુ
ખુદકી અશરેમેં યેહ હય શરમીંદગીસે ઝર્દ રૂ
વી હુસયનાકી સદાસે ભાગતે હય કુબકુ
જીસ તરેહ લા હવલસે ભાગે શયાતીં ચારસુ.

એટલે તેઓનો અઝાદારી મટાડવાનો ખ્યાલ અને વીચાર નકામો છે. તેમાંથી કાંઇ વળે તેમ નથી. કેમકે અઝાદારીનો હામી અને મદદગાર ઇસલામનો ધણી છે. માટે એવા લોકોથી વાત કરવી પણ ફાયદાકારક નથી અને આશુરાના દીવસોમાં શરમના સબબથી તેઓનાં મોઢાં પીળાં પડી જાય છે અને જે પ્રમાણે લાહવલની અવાજથી શયતાન ભાગે છે તે પ્રમાણે વા હુસયનાની અવાજથી તેઓ ભાગે છે.

ખોલી ઝબાને બદકો કયું દરપએ તકલ્લુમ
ઇલઝામ ધરકે બેજા કરકે બહોત તવહહુમ
ચાહા બહડે ન ઉસ્કી ઇઝઝત બચશ્મે મર્દુમ
યેહ ભાઇકે, ફઝાએલ સુનકર ન ખુશ હુવે તુમ
અપનાભી દીલ જલાયા ઉસ્કાભી દીલ દુખાયા

ઇમામ હુસેન અ૦ ના ગમમાં રડવું તે ખાસ પયગમ્બરોની પેરવી છે. અને જે કોઇ ખુદારસુલ અને ખુદાની કીતાબ ઉપર ઇમાન રાખતો હશે તો, તે કોઇ:કાળે રોવા ઉપર ટીકા નજ કરી શકશે. પરંતુ દુન્યામાં ઇનસાનના લીબાસમાં વસતા શયતાનો

પોતે રોવે નહી, એટલુંજ નહીં પણ ઇમામના ગમમાં રડવું તે "ખીલાફે હુકમે ખુદા વ રસુલ" જણાવી ઇમાનદારોને ફરેબ આપે છે માટે તેવા ઇનસાનના રૂપમાં વસતા શયતાનોના ફરેબ માં આવવું નહી. અમે તો કહીએ છીએ કે, ઇમામ હુસેન અ. ની અઝાદારી બંધ કરવા ઇચ્છનારાઓ જે હજારોની સંખ્યામાં રીસાલાઓ પ્રગટ કરી જાહેર વહેંચે છે, તેવા વેશધારી લેખકો ના રીસાલા વાંચવા મુનાસબ નથી બલકે તેવા રીસાલાઓને ક ચરાની ટોપલીને સ્વાધીન કરી દેવી જોઇએ.

ઈમામ હુસેન અ૦ ના ગમમાં જે આંખ રોતી ન હોય તે ફોડી નાખવા લાયક છે. અને જે હાથ માતમે હુસેની કરતો ન હોય તે કાપી નખવા લાયક છે. અને જે દીલમાં ઈમામ હુસેન અ૦ ની મહોબ્બત નથી અને ઈમામ હુસેન અ૦ ના ગમમા જે દીલ નરમ થતો નહોય તે પથ્થરથી પણ બદતર છે.

૩૨—લખે છે કે રસુલે ખુદા સ૦ ના ફરજંદ ઇબ્રાહીમની વફાતના હાલમાં તે બીમાર થયા, તો હઝરતે ખોળામાં લઇ બોસા લીધા અને સુંઘ્યા અને અંતઃકાળને વખતે આપ ઝાર કતાર રડવા લાગ્યા. એ જોઇ અબ્દેરહમાન બીન અવફે અરઝ કરી, કે યા રસુલીલ્લાહ આપ પણ રડો છો? તો આપે જવાબ આપ્યો કેઃ—

"હાં, આંખમાંથી આંસુ વહે છે અને દીલ ગમગીન થાય "છે અને અમે એજ શબ્દ કહીએ છીએ કે, તેથી

"ખુદા રાજી હોય. પછી કહ્યું એ ઇબ્રાહીમ! ખરેખર "અમો તારી જુદાઇથી ગમગીન છીએ."

(સુન્નત વલ જમાઅતની કીતાબ નામે "સહીહ બુખારી પેજ ૧૭૪)

૩૩—લખે છે કે હઝરત અલી અ૦ થી રીવાયત છે કે જ૦ ફાતેમાહ ઝહેરા અ૦ દર જુમ્માને દીવસે હ૦ હમઝાની કબર ઉપર જતાં હતાં. ત્યાં જઇ નમાઝ પડતાં હતાં અને રડતાં હતાં. બીજી રીવાયતમાં છે કે, બબે ત્રણ ત્રણ દીવસે ઓહોદની લડાઇ-માં શહીદ થએલાઓની કબરોની ઝીયારત માટે જતાં હતાં અને નમાઝ પડી તેમના માટે દુઆ કરી રડતાં હતા.
(જુઓ સુન્નત જમાતની કીતાબ "જઝબુલ્કોલુબ" પેજ ૧૬૮)

૩૪—લખે છે કે નબી સાહેબના ગમમાં બીબી આએશા સાહેબ ઘરબાર મુકીને રાત દીવસ રડતાં અને મુસીબતમાં રહેતાં.
(સુન્નત વલ જમાઅતની કીતાબ મદારે જુન્નબુવ્વત પેજ ૫૫૬)

બચપના કેસા જબાં તુમ હો ગએ નામે ખુદા
ક્યું કસોટી પર પરખ લેતે નહિ ખોટા ખરા
ક્યું નહિ કરતે હો તુમ અચ્છે બુરેકા તજરૂબા
હોસ પકડો વાસ્તે અલ્લાહકે સમઝો ઝરા
સદ્ર બુન કુચ્છ તો અપના બલ દીખાના ચાહીએ

અઝાદારી તે તમામ ઇન્સાન માટે બેદારી અને હક રસ્તાની હિદાયત, બલ્કે હઝરતે ઇમામ હુસેન અ૦ની શહાદતથીજ ઇસલામ જીવતું છે તે વિષે ગેર ઇસલામીઓના અભિપ્રાયો

ઉપ ર્યુ—મેરયો મારબીન ડાકટર કે જે જરમની નસરાની છે. તેઓ યુરોપના તવારીખ [illegible] શાના પહેલા નંબરના જણાય છે તેઓએ હઝરતે ઇમામ હુસેન અ૦ ના અહવાલમા લંબા-ણથી લખ્યું છે પણ સ્થળ [illegible] ને લઇને જરૂર જેટલું લખીએ છીએ. તેઓ ઇમામ હુસેન અ૦ ની શહાદત વા૦ સબંધી હકી-કત લખતાં છેવટમાં લખે છે કેઃ—

"એ લોકોએ (બની ઉમીય્યાહ અને બની અબ્બાસી)
"અલીની અવલાદને અને તેઓને માનનારાઓને પકડી પ-
"કડી કેદ અને કતલ કરવામાંજ કમર બાંધી અને બની ઉમ-
"ય્યાહ કરતાં પણ ઝુલમમાં (બની અબ્બાસીઓ) વધી ગયા
હુકુમતના નીશામા સમપણ કે એહસાન કે ખુદાનો ખોફ તમામ
"ભુલી ગયા, પણ છેવટ રફતે રફતે એ ઝાલીમો પણ કતલ
"થયા, માર્યા ગયા અને નીસ્તો નાબુદ થઇ ગયા અને
"હુસેનને માનવા વાળાજ કાયમ રહ્યા અને તેનું નામ
"(હુસેન) હમેશાં માટે જીવતું રહ્યું. જયાં જુવો ત્યાં જે

" મુસલમાનને પુછો તે હુસેન અ૦ ને હક ઉપર કહેશે અને
" તમામ મુસલમાનો એકમતે હ૦ ઇમામ હુસેન અ૦ ને
" હાલ (મી૦ ઉનાવાળા સીવાય) માને છે એટલે સુધી
" કે બીજી કોમમાં પણ એ અસર ફેલાણો છે અને ખાસ
" કરીને ચીનમાં અને હીંદુસ્તાનમાં તમામ જગ્યોએ હઝરત
" ઇમામ હુસેનને યાદ કરનારા વધી ગયા અને દીન બદીન
" તેઓની તાઝીએદારીનો રીવાજ ચારે તરફ ફેલાતો અને
" વધતો ગયો અને વધતો જાય છે. આ રીવાજથી કે-
" ટલાક તવારીખ નવેશ નાવાકેફોએ (જેમાં હાલ તો
" મી૦ ઉનાવાળા પણ છે) તેના ભેદથી અજાણ્યા હોવા-
" થી ઉંધે રસ્તે દોરાઇ મત આપ્યો છે અને હુસેન (અ૦)
" ને માનનારા જે અઝાદારી કરે છે તેને દીવાનાપણુ
" લખી ગયા છે, પણ તેઓ તેની ખુબી, રહસ્ય અને બા
" રીકીને બીલકુલ સમજ્યા નથી. ફક્ત એકસો વરસથી
" આ ચાલ હીંદુસ્તાનમાં સરૂ થયો છે. તેની પહેલે તા-
" અઝીએદારીની ગણત્રી આંગળીઓના ટેરવાં ઉપર ગણાતી
" હતી. તે આજે એટલા લોક વધી ગયા છે કે ત્રીજો
" ભાગ તેઓનો (અઝાદારી કરનારા) કહેવાય છે. એ મ-
" ઝહબની તરક્કીનો આ ઉમદા અને ખુબી ભરેલો રસ્તો
" છે જેને (મી૦ ઉનાવાળા જેવા) લોકો સમજતા નથી
" વી. વી."

આગળ ચાલતાં લખે છે કેઃ—

"ઇસલામીઓ જો તરક્કી પકડશે તો તેઓ માટે મોટું
"સાધન આ હુસેનની મુસીબતનું છે એજ સાધનથી તે
"ઓમાંના મતભેદ દુર થઇ (પરંતુ મી૰ ઉનાવાળા જેવા
"વચમાં છે અને કોમને વધુને વધુ ગુમરાહ કરી રહ્યા છે તેનું
"કેમ?) આપસમાં મળી જાય એવું માલુમ થાય છે."

૩૩—મી૰ જોનલોંગ સાહેબે ઇમામ હુસેન અ૰ વિષે બહુજ ગમ અને મુસીબત ભરેલા ચારસોહ શએર કહેલા છે.

૩૪—મી૰ ગીબન સાહેબ લખે છેઃ—

"ઇમામ હુસેન અ૦ ને સખત ગમ ભરેલો બનાવ એક
"ઘણા છેટા મુલકમાં ઘણી લાંબી મુદત થઈ બન્યો છે
"પણ એ બનાવ એટલો તો ગમ ભરેલો છે કે અગર
"બેરહેમ અને (મી૰ ઉનાવાળાનું દીલ લોઢા કરતાં સખ્ત
"માલમ પડે છે) પથરા જેવા દીલવાળો સાંભળે, તોપ
"ણ તેનું દીલ હલી જાય. ભેઇએ તેવો બેરહેમ હોય;
"પણ હુસેનનું નામ સાંભળતાંજ તેના દીલમાં હમદરદીનો
"જોશ પેદા થઈ જશે."

(ગીબન્ઝ રોમન એમ્પાયર ભાગ નવમો પેજ ૩૪૬ અને
જુવો તવારીખે રૂમ પેજ ૬૩૨)

૩૫—મી૦ ખફીગ સાહેબે "બોલોફાએ પેગંમ્બર" નામની કીતાબમાં પેજ ૨૧૫ માં અઝાદારી તારીફ લખી છે.

૩૬—બોમ્બે હાઇકોર્ટ ભાગ બારમાના ૩૦૩ ના પેજમાં મી૦ જસ્ટીસ આરનોલ્ડ સાહેબે અઝાદારીના વખાણ કર્યા છે.

૩૭—બાબુ સ્યામાચરન સાહેબ લખે છે કે:—

" ભાઇઓ, જુઓ આ ગરીબ મઝલુમની અઝાદારી છે
" માટે વાહીવાત (વાય થાય એ લોકો ઉપર કે, પોતાને
" મુસલમાન જણાવી અઝાદારી બંધ કરાવવાનો પ્રયાસનો
" ફાળો માથે લીધો છે) વસવસાથી તેને મટાડવાની કો-
" શીશ કરો નહીં અને એ રીઆથી ખુદાના બંદાઓને
" એ ખુદાના માનવંતાની સાથે મોહબ્બતનો જોશ થાય
" છે માટે તેમાં ઘટાડો થવા આપો નહીં, નહી તો યાદ
" રાખો કે, આ મોટા મઝલુમનો ગમ છે (મી૦ ઉના-
" વાળા આંખો ખોલો) અને ભારે મુસીબતમાં સબર કર-
" નારની અઝાદારી છે (જુઓ અગોહે લેકચર્સ પૃ. સ.
" ૧૮૭૩).

૩૮—" ગવાલીઅરના મહારાજા સીંધીઆ બહાદુર સાહે-
બને ઇમામ હુસેન અ૦ ની સાથે મોહબ્બતનો એટલો જોશ છે
કે દર મહોરમમાં અઝાદારી કરીને અહીંથી ત્રણ લાખ રૂપીઆ
ખરચે છે.

૩૯-- પટનાના સબ જડજ રાય બહાદુર બાબુ માતાદીન સાહેબ રમસે, ઇમામ હુસેન અ૦ વિષે એક રૂબાઇ ખુશ એઅ-તેકાદની કહે છે તે ઉપરથી આપની સાથેનો મોહબ્બતનો જોશ માલુમ પડે છે.

રૂબાઇ૦

ખુશા વોહ લોગ જો આતે હય બઝમે માતમમે
ખુશા વોહ હાથ જો પીટે હુસેનકે ગમમે
વોહ દીલહો ખાક નહો જીસ્મે અહલેબયતકા ગમ
વોહ ફુટે આંખ જો રોઇ ન હો મોહરમમે

૪૦—તારીખે ચીનમાં મી૦ જેમ્સ કાકરન સાહેબે ઇમામ હુસેન અ૦ ની અઝાદારી તથા બહાદુરીનું અસરકારક વર્ણન કર્યું છે.

૪૧—Edwarb gibbon અને ockley અને price લી૦ માં ઇમામ હુસેન અ૦ ની અઝાદારી વિશે અને શહાદતનો સરસ અહવાલ લખ્યો છે.

હઝરત ઇમામ હુસેન અ૦ ની મુસીબત એવી મહા ભારત હતી કે, તે માટે ગયર કોમના લોકો પણ શોક કરે છે, જેમકે ઉપર બયાન થઇ ગયું છે. ઇમામ હુસેન અ૦ ના દુખો એવા મહાભારત હતાં કે કુદરતના કાયદાઓની હદ ઓળંગી, તમણે રૂહાના આલમ આખેતરમાં પણ પોતાનો અસર જમાવી આપ્યો છે અને રૂહોને પણ હુસેન અ૦ ના દુઃખોએ દુ:ખી બનાવી આપી.

એટલુંજ નહી પણ હઝરત પયગમ્બરે ખુદા સ૦ પણ રૂહાની આલમમાં હુસેન અ૦ ઉપરે રડી પડયા, તો પછી આપણે રસુલે ખુદા સ૦ ના પયરવી કરનારા તેમના તાબેદારો કહેવડાવીને હુસેન અ૦ ની અઝાદારી, તે તેમની યાદગીરીને મડાડવાની કોશીશ કરીએ. આ કેવી અન્યાયની વાત છે! અમો તો બેધડક કહીએ છીએ કે, જેઓ અઝાદારી એટલે ઇમામ હુસેન અ૦ ની યાદગીરી મટાડવાની કોશીશ કરી રહ્યા છે અથવા તેવો બોધ આપે છે અને તે મતલબના પેમ્ફલેટો વહેંચે છે તેઓ ખરી રીતે યઝીદ પલીદની પૈરવી કરનારા છે, એમાં લેશ માત્ર પણ ખોટું નથી, બલકે પોતાને મુસલમાન પણ કહી શકતા નથી. ઇમામ હુસેન અ૦ ના ગમમાં નબીઓ રોય અને નામના મુસલમાનો તેઓનો કલમો પડી મુસલમાનીનો દાવો કરીને અઝાદારી વીરૂદ્ધમાં લખાણો જેઓ કરે છે તેઓ બીલકુલ મુસલમાન નથી. એમ અમો ખાત્રીથી કહીએ છીએ. મુસલમાનોમાં સુન્ની, શીઆહ બેઉ પંથના લોકો તો હુસેન અ૦ ના ગમમાં ભાગ લે છે અને આ બારામાં તેમના પુસ્તકો ગવાહી આપે છે. તેમાંથી ખાન બહાદુર મોલવી મીરઝાં સુલતાન અહમદ સાહેબની રચેલી યાદગારે હુસયન છે તે વાંચી જુએથી સ્પષ્ટ રીતે દીઠામાં આવશે; કે હુસયન અ૦ નો ગમ અટકાવવા માટે અને એવી બેહુદી વર્તણુંક ચલાવનારા તો માત્ર એજ નાસબી અને ખ્વારીજ લોકો છે. જેઓ ઇસલામીના વેશમાં અથવા ઇન્સાનના વેશમાં ફરતા શયતાનોજ ખરા મુસલમાનોને ગુમરાહ કરવાનો ઇજારો લઈ બેઠા છે અમ લોકો

અને અજ્ઞાનીઓને બેહકાવીને પોતાના જેવા ખારજી અને દુશ્મને રસુલે બનાવી લે છે. તેમાંના એક કહેવાના ઇસમાઇલી લેખકોમાંથી હમણા મી૦ ઉનાવાળાએ તે ઇજારો પોતાના કાળે લીધો છે, પરંતુ યાદ રાખવું જોઇએ કે, તમારા જેવા વેશધારી ઇમામ હુસેન અ૦ ની અઝાદારી બંધ કરાવવા ઘણા ફાંફાં મારી ગયા છે. અને આખર તેઓ પસ્તાઇને પોતાના વીચારો તેઓને બદલવા પડયા છે; તેમ તમોને પણ પસ્તાઇને તમારા ફેલાવેલા વીચારો બદલવા સીવાય છુટકો નથી. ઉપર લખ્યા મુજબ જરમની ડાકટરે લખ્યું છે કે "હ૦ ઇમામ હુસેન અ૦ ના દુશમનો રફ્તે રફ્તે પોતાની સજાએ પોહોંચ્યા અને ઇમામનું નામ બાકી રહી ગયું અને રહેશે."

દરેક કોમમાં યાદગીરી જાળવવાની રૂઢી રહેલી છે. દર વરસે યાદગીરી ઉજવવી તેને ઇંગ્લીસમાં (Anniversary) કહે છે. યાદગીરી જાળવવાના ઘણા રસ્તા છે. કોઇએ દેશ માટે ભોગ દીધો હોય તો, કોઇ કોમ માટે ફીદા થાઓ, કે માણુસ જાતના ભલા માટે પોતાનો માલ દોલત કે જાન અર્પણ કીધી, તો તેની યાદગીરી કાયમ કરવામાં આવે છે ત્યારે ઇમામ હુસેન અ૦ એ અસલ ઇસલામને નાશ પામતા બચાવી, આજસુધી દીને હકને આ દુન્યામાં જાળવી રાખ્યો તેની યાદગીરી સ્થાપવી એ દરેક ઇસલામી બચ્ચાનો ફરજ છે. સરવે બુદ્ધીમાન લોકો તો આવું કરે છે; લેકીન અફસોસ કેટલાક મુસલમાનીનો દાવો કરી આ મહા કાયદો

પહોંચાડનારી અને ભારે સંપ કરાવનારી યાદગીરીને નાબુદ કરવા મથ્યા છે તે કેટલી ભુલ છે. ભુલ છે. એટલુંજ નહીં, પરંતુ તેવા લોકો પોતાને મુસલમાન પણ કહેવરાવી શકતા નથી એમ કહીયે તો પણ ચાલે.

આ ઠેકાણે હનફી મઝહબવાળા શાહ કાદરીએ કહેલાં શેઅર યાદ આવી ગયા છે.

અઝાદારીકો દેખ સકતે નહી યેહ બેહયા
અસ્લપર જાતે હય અપ નેયેહ અદુવ્વે મુસ્તફા
સો હુએ બારાંસો બરસે પર વોહી તકરીર હય
નસ્લ ઉન્કી અબ તલકહી વયસીહી બે પીર હય
કુછ તફાવતભી ન આયા ઉન્મે કેસા ઉન્મે શીરહય
કયા અદાવત હય ઈલાહી, કયા યેહ તાસીર હય

એટલે અગરચે એ બનાવને બારસો (હમણા તો તેરસોહ વરસ થઇ ગયા છે) તોપણ હજુ એ વાતને મુકતા નથી (અઝાદારી બંધ કરાવવાનો પ્રયાસ) અને અઝાદારીને એ લોકો જોઇ શકતા નથી; કેમકે તેઓ બેહયા છે અને હઝરત મહમદ મુસ્તફા (સ૦) ના આગલના થઈ ગએલા દુશ્મનોનું આ લોકો પણ અનુકરણ કરે છે. ગોયા અઝાદારી મટાડવાની કોશીશ કરનારાઓ રસુલે ખુદા સ૦ ના દુશમનો છે-યઝીદના પૈરવો છે. ફરક માત્ર એટલોજ કે ઇમામને શહીદ કરનારા યઝીદીઓ તે યઝીદીઓના નામથીજ ઓળખાતા હતા. જ્યારે ચાલુ જમાનાના યઝીદીઓ, નહાબીઓ, ખીરઝાઇઓ વીગેરે નવા નામો તથા કામોથી સજ્જ

થએલા જોવામાં આવે છે. બાકી આગલના તથા હમણાના ચળી દીઓના મુખ્ય મુદ્દો એકજ છે. આલે રસુલની દુશમની એ તેઓનો મુખ્ય અકીદો છે. રસુલે મુખતારના ઝમાનાના મુનાફેકો, ખારજીઓ, મોલા મુશકીલકુશાના ફઝાએલો અને દરજો સહન ન કરી શકવાથી ખુદા પાસે અઝાબની માગણીઓ કરતા હતા. (ઘણાઓ ઉપર અઝાબ નાઝીલ થતાં જહન્નમ વાસીલ થતા હતા) અને તેમ ચાલુ જમાનાના ખારજીઓ તો નબીના નવાસા આલમના ખાસા ઇમામ મઝલુમના ફઝાએલ અને તેના ઉપર આલમની ફીદાગીરીને જોઇ ન શકવાથી, દુશમનીના જોશમાં જેમ આવે તેમ બકવા લાગી જાય છે. અને તેથી ઘણાઓ ઉપર તે મઝલુમના મોઅજીઝાથી અઝાબ નાઝીલ યયો છે તેવા દાખલા અનેક દર સાલ બનતા આવે છે આમ અઝાબમાં ગીરીફ્તાર થએલાઓએ ખુદ પોતેજ પોતા ઉપર અઝાબ માંગી લીધો એમ કહેવામાં શું ખોટું છે!

એ વાત તો આખી ઇસલામી આલમ કબુલ કરી ચુકી છે કે; ઇમામ હુસેન (અ૦) ની શહાદતનેજ પાક મઝહબે ઇસલામને બચાવી લીધો છે. વરના બની ઉમય્યાએ તો દીને ઇસલામને દુનીયાની હસ્તીમાંથી નાબુદ કરવા કમર કસેલી હતી. જો ઇમામ હુસેન અ૦ મેં મઝલુમીથી શહીદ થઇ જઇ દુન્યાને હક અને બાતીલનો તફાવત બતાવી ન આપ્યો હતો, તો આજે ઇસલામનું નામ પણ ન હતે, આવા એક ઇસલામના રક્ષક અને અશ્રફુલ શહીદની શહાદતની યાદગીરીમાં કેટલો અસર હોસ તે સહેજે સમજી શકાય તેમ છે આજે હિદુસ્તાનમાં જે મુસલમા-

નોની આદમ સુમારીની સંખ્યા સાત કરોડની ગણાય છે તે તે મઝહુમની યાદગીરીનેજ આભારી છે. એમ ઇસલામીઓ તો ઠીક, પણ ગેર ઇસલામીઓ પણ એકી અવાજે કબુલ કરે છે. ક્રીશ્ચીયન પંથના વધારા માટે તેના મીશનો તરફથી જાનતોડ મહેનતો થાય છે. કરોડો અબજો રૂપીઆનો ધુમાડો કરવામાં આવે છે. દુનીયાના દરેક ભાગોમાં બાહોશ અને કેળવાએલા મીશનરીઓ (પાદરીઓ) ફરી વળ્યા છે. કોઇ જગ્યા નાણાથી, તો કોઇ જગ્યાએ રોબદાબથી, તો કોઇ જગ્યાએ સતા વટીકનો ઉપયોગ પણ ક્રીશ્ચીયન પંથના વધારા માટે કરવામાં આવે છે; પણ હેરતની વાત તો એ છે કે આટલું આટલું કરતાં છતાં એ ઇસલામના વધારાના મુકાબલામાં ક્રશ્ચીયનોનો વધારો બીલકુલ જુજ હોય છે. ઇસલામની ફીલસુફીમાં કંઇક ઉંડા ઉતરનારા અને તટસ્થ શોધ કરનારા ક્રીશ્ચીયન તવારીખ નવેશો બુલંદ અવાજથી કરી રહ્યા છે કે, ઇમામ હુસેન અ૦ ની યાદગીરી (અઝાદારી) એ દીને ઇસલામના વધારાનું એક મજબુત સાધન છે. જયાં ક્રીશ્ચીયનોની અઢળક દોલત અને સતા કામ નથી કરી શકતી ત્યાં ફક્ત મુસલમાનોમાં ઇમામ હુસેન અ૦ ની અઝાદારી તે કામ કરી બતાવે છે, કે જે હેરત ઉપજાવ્યા સિવાય રહેતી નથી.

અફસોસ ગેર ઇસલામીઓ તો શહાદત અને શહીદોની યાદગીરીના ભેદને સમજી શકે છે. જયારે વાય થાય તેવા નામના ઇસલામીઓ ઉપર, કે જેઓ આવા દીને ઇસલામના વધારાના સાધનને તોડી પાડવા માટે પોતાની પુરી તાકાતથી કોશીશ કરી રહ્યા છે અને પોતાને જહન્નમની વધુને વધુ નજીક પહોંચાડતા

જાય છે. અઝાદારીએ હુસેન અ૦ ની વિરૂદ્ધતા એ ખુદ દીને ઇસ્લામની વિરૂદ્ધતા કરવા બરાબર છે અને ઇસલામની વિરૂદ્ધતા કરનાર પોતાને મુસલમાન કહેવડાવી શકતો નથી. ઇમામની અઝાદારીના વિરોદ્ધીઓએ ઇસલામી હોવાનો દાવો છોડી દેવો જોઇએ અથવા તો અઝાદારીની વિરૂદ્ધતા બંધ કરવી જોઈએ. અમો ઇચ્છીએ છીએ કે ખુદા આવા નામના મુસલમાનોને કામના મુસલમાનો બનવાની હીદાયત કરે. હક અને બાતીલના તફાવતને સમજવાની બુદ્ધી આપે આમીન.

અમોને કસમ બખુદા કે, બહુજ લાગી આવે છે, તેથી આ ટુંક સુચના નીચેની દોઆ સાથ આ રીસાલાને પુર્ણ કરીએ છીએ

ઇલાહી કર હીદાયત ઇસ ગીરોહે એહલે બીદઅતકો
બજુઝ તેરી હીદાયત કે ન કોઇ રેહનુમા હોગા
તમસ્સુક ગર કરોગે તુમ કુતાબુલ્લા વ ઇત્રતસે
યકીનન ફાયદા યારો તુમ્હે ઇસસે બડા હોગા
પકડો કુરઆં ન છોડો ઝીક્ર આલે મુસ્તફા હરગીજ
ઇસીસે ખુશ ખુદા ઔર સરવરે હર દોસરા હોગા
ખીલાફે હુકમ કુરઆની જો નીકલે ઘરસે લડનેકો
મુસલમાનું મે ઐસા કોન બદા બેહયા હોગા.

વમા અલયના ઇલલ્લબલાગ.

અર્થ—અમારા ઉપર કાંઇ નથી પણ પહોચાડવું.

સમાપ્ત.

સદાએ હક.

લે સાકી અબ હમ જાતે હેં
ઇસ પરચેકો છપવાતે હેં

ઇસકો હમ તકસીમ કરેંગે
જો માગેગા ઉસ્કો દેંગે

હાથું હાથ બટેગા છપકર
ઇસ્કી ધુમ મચેગી ઘર ઘર

ઇસ્મેં હે વોહ માલ મસાલા
ખુશ હો જાયેગા પઢને વાલા

ઇસ્કા હર મઝમું હે સચ્ચા
ઇસ્કો પઢેગા બચ્ચા બચ્ચા

હમને સબ સચમુચ લીખા હે
મુઠસે હમકો મતલબ ક્યા હે

જો ઝી ફ્હેમ ઇસે દેખેગા
હમકો દાદ વોહ બેશક દેગા

હાસીદકો કુછ ઝીક નહિ હે
હમકો ઉસ્કી ફીક નહિ હે

નુરે હિદાયત.

"નુરે હીદાયત નામનું માસિક ચોપાન્યું આજ ચાર વર્ષ થયાં ઘણી આબો તાબ સાથે દર અંગ્રેજી મહિનાની પહેલી તારીખે બહાર પડે છે જેમાં ઇસ્લામની ખરી ખુબીઓ બતાવી બેદીનીની સખ્ત ઝાટકણી કાઢવામાં આવે છે. ઉપરાંત સાંસારીક કેળવણી માટેના ઉમદા લેખો આપી કોમને આગળ વધારવાને ઉશકેરવામાં આવે છે ખોજાઓ તથા મોમિન કોમની દીની તથા દુન્યવી સુધારણા માટે ખાસ ધ્યાન આપવામાં આવે છે રોયલ ૮ પેજી પાંચ ફાર્મનું છતાં લવાજમ માત્ર રૂા. ૨ પોસ્ટેજ સાથે શ્રીમંતો પાસેથી રૂા. ૫) પહેલા બીજા ત્રીજા વર્ષની પાકી બાઇન્ડીંગની ફાઇલોના દરેકના રૂા. ૫) પોસ્ટેજ ૪ ચાર આના.

એદલજી ધનજી કાબા.

એડિટર નુરે હિદાયત અમરેલી—કાઠીયાવાડ.